ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે
ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર)
નિયમો,૨૦૧૫

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૨૪/૮/૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા:૩૦/૧૨/૧૯૮૮ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૮/૨૬૧૬/પ
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૧/૦૪/૧૯૮૯ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૯ /૮૪૩/પ
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૨/૦૬/૧૯૮૯ ના ઠરાવ ક્રમાંક: એમએજી/ ૧૦૮૬/ ૧૭૭૭/(૮૯)/ઘ
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૫/૦૭/૧૯૮૯ ના ઠરાવ ક્રમાંક: ટી.બી.સી./ ૧૦૮૮ /૨૩૫૨/ઘ
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૭/૦૨/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૮૯ /૫૯૬/ઘ
(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૩/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૮ /૩૨૦૩/ઘ
(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૩/૦૫/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૮૮ /૨૨૮૯/ઘ
(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૮/૦૫/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી / ૧૦૯૧/૨૬૦૮/ઘ
(૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૨/૦૬/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૮ /૨૨૮૯/ઘ
(૧૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૫/૧૧/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૯૧ /૩૦૬૫/ઘ
(૧૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૮/૦૪/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૭

/૧૦૨૭(૯૦)/ઘ

(૧૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૮/૦૬/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૯ /૨૨૪૪(૯૧)/ધ

(૧૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૦/૧૦/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૮ /૨૨૮૯/અ

(૧૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૨/૧૨/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક :એમએજી/૧૦૯૧ /યુ.ઓ./૧૮૧/અ

(૧૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૯/૦૨/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક :એમએજી / ૧૦૮૮/ ૩૨૦૩/અ

(૧૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૬/૦૫/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક : એમએજી/ ૧૦૯૨ /યુ.ઓ./૧૫/અ

(૧૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૫/૦૪/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક : એમએજી /૧૦૯૩/૬૮૦/અ

(૧૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૩/૦૯/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૨/૩૨/અ

(૧૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૨/૦૬/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૩/૮૦૭/અ

(૨૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૨/૦૩/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૩/૫૦૮(૯૪)/અ

(૨૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૯/૦૫/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૮૭/૧૨૮૮/૯૪/અ

(૨૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૮/૦૬/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૩/૩૦૬૩/અ

(૨૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૮/૦૬/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૩/૧૪૧/અ

(૨૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૧/૦૭/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૩/૧૮૨૫/અ

(૨૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૬/૦૭/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૨/૧૮૦૨/અ

(૨૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૦/૧૦/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી / ૧૦૯૨ /૨૪૪૩/અ

(૨૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૫/૦૪/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી

/૧૦૯૪/૩૦૬૧/અ

(૨૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૭/૦૬/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૪/૨૧૫૮/અ

(૨૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૩૦/૦૯/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૪/૨૨૫/અ

(૩૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૮/૧૦/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૯૦/યુ.ઓ./૧૮૬/અ

(૩૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૦૯/૦૯/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૦૦/૪૯૩૨/અ

(૩૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧/૧૨/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૦૦/૪૯૩૨/અ

(૩૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૪/૦૯/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૨૦૦૩/૨૨૬૭/અ

(૩૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૬/૦૬/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૧૩/૬૦૩૯૯૯/અ(પા.ફા.)

(૩૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧/૪/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૨૦૦૦/૨૬૨/અ

(૩૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૮/૧૨/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૨૦૦૪/૨૯૫૦/અ

(૩૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૬/૧૦/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૦૩/૧૦૦૧ /અ

(૩૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૮/૧૧/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૦૫/૨૭૪૨/અ

(૩૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૨૨/૮/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક: ટીબીસી /૧૦૦૭ /એસએફએસ-૬૪/અ

(૪૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા- ૧૯/૨/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: એમએજી /૧૦૨૦૦૫/૨૭૪૨/અ

આમુખ:

હાલમાં ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે તબીબી સારવારના નિયમો ગુજરાત રાજ્ય સેવા ( તબીબી સારવાર) નિયમો,૧૯૮૮ અમલમાં છે. ગુજરાત રાજ્યના કર્મચારીઓ/ અધિકારીઓને

આ નિયમો તથા તેમાં વખતો વખત થયેલ સુધારાઓ મુજબ તબીબી સારવારનો ખર્ચ મળવાપાત્ર છે. આ નિયમો અમલમાં આવ્યા ત્યારથી લઈને આજ દિન સુધી અનેક નવા રોગો, નિદાન પદ્ધતિઓ તથા સારવારની અદ્યતન પદ્ધતિઓ તથા આધુનિક ટેકનોલોજીના મેડિકલ ડિવાઈસીઝ/ઉપકરણો શોધાયા છે, જેનો આ નિયમોમાં સમાવેશ થયેલ નથી. વળી આ નિયમોનુસાર તબીબી ખર્ચ મંજૂર થવામાં સમય પણ ખૂબ વ્યતીત થતો હતો. રાજ્યમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ જાહેર ક્ષેત્રથી લઈને ખાનગી ક્ષેત્ર સુધી વિસ્તાર પામેલ છે. આથી આ નિયમોનો વ્યાપ પણ વિસ્તૃત કરીને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળી શકે તે માટે આ નિયમો સુધારવાની બાબત ઘણા લાંબા સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આથી તબીબી સારવાર તથા તમામ વહીવટી પ્રક્રિયાના સમગ્ર પાસાઓને વિચારણામાં લઈ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૧૯૮૮ સુધારીને ગુજરાત રાજ્ય સેવા ( તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ તરીકે અદ્યતન કરવામાં આવે છે જે ગુજરાત રાજ્ય સેવા ( તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ કહેવાશે જે આ સાથે સામેલ છે. તથા આ નિયમો પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

મા અમૃતમ યોજનામાં સમાવિષ્ટ હોસ્પિટલોની યાદી તથા પેકેજ દર વિભાગની વેબસાઈટ http://gujhealth.gov.in તથા http://www.magujarat.com પર ઉપલબ્ધ છે.

હાલ "મા અમૃતમ" યોજનામાં જે હોસ્પિટલોનો સારવાર માટે સમાવેશ થયેલ હોય, તેને આ નિયમોમાં માન્ય ગણવાની રહેશે. ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૧૯૮૮ના નિયમો મુજબની કર્મચારીઓની સારવાર માટેની માન્ય હોસ્પિટલોને જો નવા નિયમોમાં જોડાવું હોય, તો તેમણે " મા અમૃતમ " યોજનામાં જોડાવાનું/ એમ્પેનલ થવાનું રહેશે. અને "મા અમૃતમ" યોજનામાં વખતો વખત થતાં સુધારા લાગુ પડશે. "મા અમૃતમ " યોજનાના ઓપરેશનો / પ્રોસિજરો અને તેના દરો તથા માન્ય હોસ્પિટલોમાં પણ વખતો વખતના સુધારા આ નવા નિયમોને લાગુ પડશે.

આ નિયમો અમલમાં આવતા વંચાણે લીધેલ ક્રમાંક : (૧) થી (૪૦) પૈકી ક્રમાંક :(૨),(૪),(૩૯) સિવાયના તમામ ઠરાવો / પરિપત્રો આથી રદ કરવામાં આવે છે. પરંતુ નવા નિયમો અમલમાં આવ્યા તારીખ પહેલાંના જૂના કેસોમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૧૯૮૮ હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં વિભાગની તા-૨/૯/૧૪ તથા તા-૫/૮/૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એલ.પટેલ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

નકલ રવાના:
પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧ તથા ૨, સચિવાલય , ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૧૦ નકલ
- રીજીયોનલ ડેપ્યુટી ડાયરેક્ટર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ.
- સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- સર્વે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ.
- સર્વે જીલ્લાના બધા અધિક્ષકશ્રીઓ તથા સિવિલ સર્જનો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.
- સર્વે જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.

- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર,ગાંધીનગર, ભાવનગર
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- તબીબી કોલેજોના ડીનશ્રીઓ,અમદાવાદ,વડોદરા,સુરત,જામનગર,રાજકોટ,ભાવનગર,તથા ડેન્ટલ કોલેજ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી, નિયામકશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ (પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્રથી)
- રજીસ્ટ્રાર,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ(પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર(પત્રથી)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ.
- રેસિડેન્ટ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી,
- લાયેઝન ઓફિસરશ્રી, લાયેઝન ઓફિસ, ગુજરાત સરકાર, ધનરાજ મહલ, એપોલો બંદર,મુબંઇ ૪૦૦૦૩૯
- સિલેક્ટ ફાઇલ.
- મદદનીશ સિલેક્ટ ફાઇલ.

# ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫

નિયમ-૧ ટૂંકુ શિર્ષક અને લાગુ પાડવા બાબત-

(૧.૧) આ નિયમોને ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ કહેવાશે.

(૧.૨) આ નિયમો નીચેનાને લાગુ પડશે.

(૧.૨.૧) આ નિયમો ગુજરાત સરકારના તમામ કર્મચારીઓ અને પેન્શનરોને લાગુ પડશે.

(૧.૨.૨) જે સરકારી કર્મચારીઓ ફરજ પર હોય, પ્રતિનિયુક્તિ પર હોય, રજા પર હોય કે ભારત સરકારમાં અવર સેવા કે પ્રતિનિયુક્તિ પર હોય કે ફરજ મોકુફી હેઠળ હોય ત્યારે તેમની નોકરીની શરતો ગુજરાત સરકારે ઘડેલા નિયમો દ્વારા નકકી થતા હોય તેવા રાજયના સરકારી કર્મચારી/પેન્શનરોને લાગુ પડશે.

(૧.૨.૩) ગુજરાત સરકારમાં પુનઃનિયુકિત મેળવતા કર્મચારીઓ / અધિકારીઓને લાગુ પડશે.

(૧.૨.૪) અજમાયશીઓ

(૧.૨.૫) ગુજરાત સરકારમાં પ્રતિનિયુકિત પરના બીજા સરકારી કર્મચારીઓ કે જેમને મૂળ સેવામાં તબીબી સારવારના લાભો મળતા ન હોય.

સ્પષ્ટતાઃ- જો મૂળ સેવામાં તબીબી સારવારનો લાભ મળતો હોય તો તેવા કર્મચારીઓએ આ નિયમો હેઠળ તબીબી સારવારના લાભ મેળવવા માટે તેમની ફરજ પર હાજર થવાના એક માસમાં આ નિયમો હેઠળ રીએમ્બર્સમેન્ટ મેળવવા માટે વિકલ્પ આપવાનો રહેશે.

(૧.૨.૬) એક વર્ષની સળંગ નોકરીવાળો કામ પુરતા (વર્કચાર્જ) મહેકમ પરનો કર્મચારી વર્ગ

(૧.૨.૭) રાજયના સંવર્ગ પર રહેલા નિવૃત્ત અખિલ ભારતીય સેવાઓના સભ્યો (જેને કેન્દ્ર સરકારના મેડીકલ રીએમ્બર્સમેન્ટ અથવા કેન્દ્ર સરકારના મેડીકલેઈમ હેઠળ લાભ મેળવવા માટે વિકલ્પ ન આપેલ હોય), ગુજરાત જાહેર સેવા આયોગ તથા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અને સભ્ય અને તેમના કુટુંબના સભ્યો, ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અને સભ્યો તથા તેમના કુટુંબના સભ્યો.

(૧.૨.૮) બાંધકામ ખાતામાં રાબેતા મુજબના હાજરીપત્રક પર ૩૬૦ દિવસની નોકરી કરી હોય એવા ખાતામાં નોકરીએ રાખેલા રોજમદાર કામદારો

(૧.૨.૯) ગુજરાત રાજ્યમાં વસતા ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતો.

(૧.૨.૧૦) બોર્ડ/કોર્પોરેશન/નિગમોને આ નિયમો લાગુ કરવાની બાબત તેઓના સંબંધિત વહીવટી વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવીને તબીબી સારવારના લાભો મેળવી શકશે.

(૧.૩) આ નિયમો નીચેનાને લાગુ પડશે નહી:-

૧૯૫૪ ના અખિલ ભારતીય સેવા (ત.સા.) નિયમોથી નિયંત્રિત થતા સરકારી કર્મચારી એટલે કે IAS, IPS અને IFS સેવાના અધિકારીઓ

(૧.૪) નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત ફીકસ પગારથી નિમણુંક પામેલ કરાર આધારિત કર્મચારીઓને આ નિયમો હેઠળ લાભ મળવાપાત્ર થશે નહિં.

**નિયમ-૨ વ્યાખ્યા:- આ નિયમોમાં વિષય કે સંદર્ભ સાથે કશુ અસંગત ન હોય તો,**

(૨.૧) દર્દી:-

દર્દી એટલે બીમાર પડેલ સરકારી કર્મચારી કે તેના કુટુંબનો કોઇ આશ્રિત સભ્ય તથા પેન્શનરો અને તેના સંપૂર્ણ આશ્રિત

(૨.૨) કુટુંબ:-

કુટુંબ એટલે સરકારી કર્મચારી/પેન્શનર સાથે રહેતા અને તેના પર સંપૂર્ણ આશ્રિત પતિ કે પત્ની ઔરસ અને સાવકા પુત્રો તથા પુત્રીઓ અને માતાપિતા તથા અપરિણીત ભાઇઓ અને બહેનો. (અપરિણીત પુત્રો તથા પુત્રીઓ અને ભાઇઓ અને બહેનોની વય મર્યાદા ૨૫ વર્ષની રહેશે) અપરિણીત પુત્ર કે પુત્રી જો માનસિક રીતે અસ્વસ્થ (mentally disabled) હોય તો તેને વયમર્યાદા લાગુ પડશે નહિ અને આ વ્યાખ્યાના હેતુ માટે વ્યકિતની વ્યકિતગત ઉપાર્જિત અને અનુપાર્જિત માસિક આવક મર્યાદા રૂ.૫૦૦/- થીવધે નહિ તોજ તેને સંપૂર્ણ આશ્રિત ગણવામાં આવશે.

(૨.૩) **સરકારી હોસ્પિટલ:-**

સરકારી હોસ્પિટલ એટલે કોઇ પણ સરકારી હોસ્પિટલ, સંપૂર્ણપણે સરકારના નિયંત્રણ હેઠળ હોય તે દવાખાનુ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સરકારી આયુર્વેદિક/ હોમિયોપેથી હોસ્પિટલ/ દવાખાનાઓનો સમાવેશ થશે.

(૨.૪) **સરકારી હોસ્પિટલ સમકક્ષ:-**

સરકારી હોસ્પિટલ સમકક્ષ એટલે કે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, મહાનગરપાલિકા, નગરપાલિકા, જીલ્લા પંચાયત સંચાલીત તમામ હોસ્પિટલ, દવાખાનાઓ, ડિસ્પેન્સરી આ ઉપરાંત યુ.એન.મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ

કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ, ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ( એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને આ નિયમો હેઠળ સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણવાની રહેશે.

(૨.૫) **રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ:-**

રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ એટલે રાજ્ય સરકાર દ્વારા આ નિયમોના નિયમ-૮ પર નિયત કરેલી જોગવાઈ મુજબ માન્ય હોસ્પિટલ.

(૨.૬) અધિકૃત ચિકિત્સક

અધિકૃત ચિકિત્સક એટલે કે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન અથવા અન્ય સરકારી ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો તેમજ સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલના કિસ્સામાં અધિક્ષક વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, જે સરકારી હોસ્પિટલો/સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલોમાં વર્ગ-૧ કક્ષાના અધિકૃત ચિકિત્સક ઉપલબ્ધ ન હોય ત્યાં વર્ગ-૨ના તબીબી અધિકારી અધિકૃત ચિકિત્સક ગણાશે.

આયુર્વેદિક/હોમીયોપેથીક અને અન્ય સરકાર માન્ય પદ્ધતિથી સારવાર મેળવતા દર્દીઓ માટે ફિઝિશિયન અને વૈદ્ય-પંચકર્મ, નિવાસી તબીબી અધિકારીઓ, સરકારી આયુર્વેદિક/હોમીયોપેથીક/અન્ય માન્ય પદ્ધતિની સારવાર માટેની હોસ્પિટલોનો હવાલો ધરાવતા સુપરિન્ટેન્ડેન્ટ અને જિલ્લા આયુર્વેદિક અધિકારીઓને (વર્ગ-૨થી ઉતરતી કક્ષાના ન હોય તેવા) યથાપ્રસંગ અધિકૃત ચિકિત્સક ગણવાના રહેશે.

(૨.૭) તબીબી સારવાર:-

તબીબી સારવાર એટલે સરકારી હોસ્પિટલ/સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ અને અધિકૃત ચિકિત્સક દ્વારા રોગના નિદાન માટે સૂચવેલ તમામ સારવાર તેમજ પરીક્ષણો.

(૨.૮) પરિચારિકા:-

પરિચારિકા એટલે સરકાર માન્ય પ્રમાણપત્ર કે ડિપ્લોમા ધરાવતી લાયકાતવાળી પરિચારિકા અથવા જે રાજયમાં પરિચારીકાઓની નોંધણી માટે વૈધાનિક જોગવાઇ હોય તેવી એવી રાજયમાંની માન્યતા ધરાવતી પરિચારિકા.

(૨.૯) રાજ્ય:-

રાજ્ય એટલે ગુજરાત રાજ્ય, સિવાય કે ભારતના બીજા રાજ્યો સાથે પરસ્પર વ્યવસ્થાની બાબત તરીકે અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઇ કરી હોય.

(૨.૧૦) પેકેજ રેટ:-

પેકેજ રેટ એટલે અંદરના દર્દી (ઇન પેશન્ટ ટ્રીટમેન્ટ/દિવસની સારવાર (ડે કેર)/વિવિધ તપાસ (ડાયગ્નોસ્ટીક પ્રોસીજર્સ)માટેના સંકલિત દર, પેકેજ રેટમાં રજીસ્ટ્રેશન ચાર્જીસ, એડમીશન ચાર્જીસ, રૂમ ચાર્જીસ, ઈમ્પ્લાન્ટસ, ડાયેટ ચાર્જીસ, ઓપરેશન ચાર્જીસ, ઇન્જેક્શન ચાર્જીસ, ડ્રેસીંગ ચાર્જીસ, ડોકટર/કન્સલટેશન ચાર્જીસ, આઇ.સી.યુ./આઇ.સી.સી.યુ. ચાર્જીસ, મોનીટરીંગ ચાર્જીસ, ટ્રાન્સફ્યુઝન ચાર્જીસ, એનેસ્થેસીયા ચાર્જીસ, ઓપરેશન થિયેટર ચાર્જીસ, સર્જન ફી, દવાઓ, સર્જીકલ ડિસ્પોઝેબલ, ફીઝીયોથેરાપી, નર્સીંગ વગેરેનો સમાવેશ થાય છે.

પરિશિષ્ટ-પમાં દર્શાવેલ ઈમ્પ્લાન્ટસની કિંમત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વહીવટી વડાની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ દ્વારા નક્કી કરેલ દરો મુજબ રીએમ્બર્સ કરવામાં આવશે.

(૨.૧૧) જેનેરિક દવાઓ:-

જેનેરિક દવાઓ એટલે કે એવી દવાઓ જે તેના રાસાયણિક નામથી બજારમાં ઉપલબ્ધ હોય તથા જે બ્રાન્ડેડ દવાઓ સાથે તેની ગુણવત્તા તથા અસરકારકતામાં સામ્યતા ધરાવતી હોય.

<u>નિયમ:-૩</u> સરકારી હોસ્પિટલ/સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે લીધેલ તમામ સારવાર કર્મચારીએ પસંદ કરેલ વિકલ્પને ધ્યાને લીધા સિવાય, રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે. બહારના દર્દી તરીકે લીધેલ સારવાર માટે સરકારી કર્મચારીએ આપેલા વિકલ્પ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે. તબીબી ભથ્થુ મેળવનાર કર્મચારીને બહારના દર્દી તરીકે લીધેલ સારવાર માટે થયેલ ખર્ચનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે નહિ.

(૩.૧) સરકારી હોસ્પિટલ/ સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીને રૂમ ચાર્જ પેટે તેઓને નીચે દર્શાવેલ પત્રક મુજબ ૧૦૦ ટકા ખર્ચ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

| | |
|---|---|
| ➢ ગ્રેડ પે રૂ. ૪૨૦૦/- અને તેનાથી ઓછો | જનરલ વોર્ડ |
| ➢ ગ્રેડ પે રૂ. ૪૨૦૧ થી રૂ.૬૬૦૦/- સુધી | સેમી સ્પેશીયલ વોર્ડ |
| ➢ ગ્રેડ પે રૂ.૬૬૦૦/- થી વધુ | સ્પેશીયલ વોર્ડ |

(૩.૨) રોગ દરમ્યાન તથા રોગને કાબુમાં રાખવા માટે આવશ્યક ગણાતા તમામ પ્રકારના કૃત્રિમ સાધનોનું રીએમ્બર્સમેન્ટ રાજ્ય સરકાર દ્વારા માન્ય દરોથી મળવાપાત્ર છે. (પરિશિષ્ટ-પ) આ જાતના કૃત્રિમ અવયવ શરીરમાં નંખાવ્યા પહેલા જીવન મરણનો પ્રશ્ન ન હોય તેવા કિસ્સાઓમાં તજજ્ઞ ચિકિત્સકની ભલામણ અન્વયે અધિકૃત

ચિકિત્સક, વર્ગ-૧નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. સારવાર લીધા બાદ મેળવેલ આ જાતનું પ્રમાણપત્ર માન્ય રહેશે નહીં. પ્રમાણપત્ર રજીસ્ટરમાં નોંધાયેલ હોવું જરૂરી છે.

(૩.૩) સાંભળવાનું સાધન (Hearing Aid) માટે સરકારી હોસ્પિટલના કાન, નાક અને ગળાના તજજ્ઞ સર્જન, દર્દીની સાંભળવાની ક્ષમતાને ધ્યાને લઇને તેના Audition ના રીપોર્ટના આધારે ખાસ પ્રમાણપત્ર આપશે તેના આધારે એક કાન માટે રૂ.૨૫૦૦૦/- ની મર્યાદામાં અને બે કાનની બહેરાશ હોય તો બીજા કાન માટે રૂ.૨૫૦૦૦/- ની મર્યાદામાં રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે. આ પ્રકારનું રીએમ્બર્સમેન્ટ સમગ્ર જીવનમાં એક જ વાર મળવાપાત્ર થશે.

નિયમ:-૪ રાજ્ય સરકાર દ્વારા આ નિયમોના નિયમ-૮ હેઠળ એમ્પેનલ કરવામાં આવેલ હોસ્પિટલોમાં સરકારી કર્મચારીઓ તબીબી સારવાર મેળવી શકશે. એમ્પેનલ્ડ હોસ્પિટલમાં લીધેલ સારવાર માટે આ નિયમો હેઠળ માન્ય કરેલ પેકેજ રેટ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલો સાથે થયેલ કરાર / પેકેજ સિવાયની સારવાર માટે કરવામાં આવેલ કોઇપણ ખર્ચ રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે નહિં.

નિયમ-૫ સરકારી હોસ્પિટલ ખાતે દર્દીએ લીધેલ તબીબી સારવાર માટે અધિકૃત ચિકિત્સક પ્રતિ સહી કરી શકશે. સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ ખાતે દર્દીએ લીધેલ તબીબી સારવાર માટે નક્કી કરવામાં આવેલ પેકેજની રકમ માટે જે તે સંસ્થાના અધિકૃત ચિકિત્સક પ્રતિ સહી કરી શકશે પરંતુ પેકેજ સિવાયના કે બહારના દર્દી તરીકે લીધેલ સારવાર માટે દર્દી દીઠ રૂ.૫૦૦૦/- પ્રતિમાસથી વધુ ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકની પ્રતિ સહી કરાવવાની રહેશે.

(૫.૧) એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનું રીએમ્બર્સમેન્ટ મેળવવા નિયત પરિશિષ્ટમાં વિગતો ભરી મેળવેલ સારવાર આપનાર તજજ્ઞની સહી કરાવવાની રહેશે. જેમાં સંબંધિત સંસ્થાના નિવાસી તબીબી અધિકારી દ્વારા પ્રતિ સહી કરવાની રહેશે. પ્રતિ સહી કરનાર તબીબી અધિકારીએ એ બાબત ધ્યાને લેવાની રહેશે કે સરકારશ્રી દ્વારા ઉકત સારવાર માટેના પેકેજમાં નિયત કરેલ રકમની મર્યાદામાં અને હોસ્પિટલ સાથે થયેલ કરાર મુજબ / પેકેજ દર મુજબની મર્યાદામાં ખર્ચ માટે પ્રતિ સહી કરવાની રહેશે.

(૫.૨) એમ્પેનલ્ડ હોસ્પિટલમાં દર્દીએ લીધેલ તબીબી સારવારના ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન / નિવાસી

તબીબી અધિકારી, દ્વારા નિયત કરેલ પરિશિષ્ટ-૨માં સારવાર તથા પેકેજ રેટ પ્રમાણિત કરીને પ્રતિ સહી કરાવવી ફરજીયાત રહેશે.

નિયમ:૬ - સરકારી કર્મચારીઓના કુટુંબીજનોની તબીબી સારવાર-

સરકારી કર્મચારી/પેન્શનરના કુટુંબના સભ્યોને આ નિયમ હેઠળ સરકારી હોસ્પિટલ/ સરકારી હોસ્પિટલ સમકક્ષ/સરકાર માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલમાં મળતા તમામ લાભો મળવાપાત્ર થશે.

નિયમ:-૭ - પ્રવાસ ભથ્થાં

(૭.૧) જે સ્થળે દર્દી માંદો પડે એ સ્થળ અધિકૃત ચિકિત્સકનું મુખ્ય મથક ન હોય ત્યારે

(ક) દર્દી આવા મુખ્ય મથકે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસ ભથ્થું મેળવવા હકદાર રહેશે અથવા

(ખ) દર્દી મુસાફરી ન કરી શકે એટલો માંદો હોય તો અધિકૃત ચિકિત્સક, વર્ગ-૧,જે સ્થળે દર્દી હોય એ સ્થળે આવવા જવાની મુસાફરી માટે મુસાફરીનો ખરેખર ખર્ચ મેળવવા હકદાર રહેશે. પરંતુ દર્દી દાંતના દાકતર કે આંખના દાકતરની સારવાર સારૂ મુસાફરી માટે પ્રવાસ ભથ્થું મેળવવા હકદાર રહેશે નહી.

(૭.૨) પેટા નિયમ (૭.૧) હેઠળ મુસાફરીના ખરેખર ખર્ચ માટેની અરજી સાથે, દર્દી મુસાફરી ન કરી શકે એટલો માંદો હતો એ મતલબનું અધિકૃત ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્ર જોડેલું હોવું જોઇએ.

(૭.૩) નિયમ-૫ અને ૬ હેઠળ તબીબી સારવાર માટે દર્દીને બીજા કોઇ સ્થળે મુસાફરી કરવાની જરૂર પડે અને અધિકૃત ચિકિત્સક, વર્ગ-૧,ને લાગે કે પ્રવાસ કરવો સલામતી ભર્યો નથી તો અધિકૃત ચિકિત્સક પોતે સારવારના સ્થળે દર્દી સાથે જઇ શકશે કે દર્દી સાથે બીજા કોઇ પરિચર ને મોકલવાની વ્યવસ્થા કરી શકશે. પરિચર સરકારી કર્મચારી હોય તો તે ફરજ દરમિયાન મુસાફરી પર છે. એમ ગણવામાં આવશે અને પ્રવાસ પરની મુસાફરી માટે થયેલ મુસાફરી ખર્ચ આકારી શકશે અને તે સરકારી કર્મચારી ન હોય તો દર્દીને મળવાપાત્ર વર્ગની મુસાફરી કરે તે વર્ગનો કે પરિચર જે નીચલા વર્ગની ખરેખરી મુસાફરી કરે તે વર્ગના અથવા એક વખતના ખરેખર થયેલ ખર્ચ માટે હકદાર રહેશે.

(૭.૪) (ક) આ નિયમો હેઠળ કરેલી મુસાફરી માટે પ્રવાસ ભથ્થું સરકારી કર્મચારી પ્રવાસ પર હોય ત્યારે મેળવવાપાત્ર હોય એ દરે રહેશે.

(ખ) સરકારી કર્મચારીના કુટુંબનો સભ્ય, સરકારી કર્મચારી માટે હકદાર હોય તે વર્ગની મુસાફરી માટે હકદાર રહેશે.

(ગ) દર્દીની સારવાર માટે બોલાવેલ સરકારી તબીબી અધિકારી સિવાયના નિષ્ણાંતો, નિષ્ણાંત ના દરજ્જા અનુસાર અધિકૃત ચિકિત્સકને વ્યાજબી લાગે એવા દરે પ્રવાસ-ભથ્થાં માટે હકદાર રહેશે.

(ઘ) દર્દી જે જગ્યાએ બીમાર પડેલ હોય તે જગ્યાએ યોગ્ય સારવાર ઉપલબ્ધ ન હોય ત્યારે તે સ્થળના ચિકિત્સકની ભલામણ અન્વયે અધિકૃત ચિકિત્સક, વર્ગ-૧નું પ્રમાણપત્ર અન્ય જગ્યાએ જવાની ભલામણ કરે ત્યારે જે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે જવાની ભલામણ કરેલ હોય તે સિવાયની હોસ્પિટલ ખાતે દર્દીએ જો સારવાર મેળવેલ હોય તો તેવા કિસ્સામાં પ્રવાસ ભથ્થું / થયેલ ખરેખર ખર્ચ મળવાપાત્ર થશે નહીં.

<u>સ્પષ્ટતા:</u>અધિકૃત ચિકિત્સક, વર્ગ-૧, તેઓને ત્યાં યોગ્ય સારવાર ઉપલબ્ધ ન હોય તો અન્ય ઉપલબ્ધ હોય તેવા નજીકના સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ માટે જ ભલામણ કરેલ હશે તો થયેલ મુસાફરી ખર્ચ/ પ્રવાસ ભથ્થુ મળવાપાત્ર રહેશે.

(૭.૫) નિયમ-૧૨ હેઠળ સારવારના હેતુ માટે પોતે માંદો પડયો હોય તે સિવાયના બીજા મુકામે દર્દીને જવુ પડે તો આ અંગે અધિકૃત ચિકિત્સક પાસેથી લેખિત પ્રમાણપત્ર રજુ કર્યેથી આવી સારવાર જે સ્થળે મેળવી હોય તે સ્થળે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસ ભથ્થું મેળવવાને હકદાર રહેશે. નિયમ-૭ના પેટા નિયમ (૭.૩) માં જોગવાઇ કર્યા મુજબ અધિકૃત ચિકિત્સક લેખિત પ્રમાણપત્ર આપે કે પરિચર સિવાય મુસાફરી કરવી દર્દી માટે સલામતી ભરી નથી અને દર્દીની સાથે સારવારના સ્થળે જવા તેમજ પાછા આવવા માટે પરિચરની આવશ્યકતા છે તો પરિચરને પણ આવું પ્રવાસ ભથ્થું મળશે.

(૭.૬) સબંધિત સરકારી કર્મચારીના પ્રવાસ ભથ્થાંના બિલ પર સામી સહી કરવા સત્તા ધરાવતા નિયંત્રણ સત્તાધિકારીને ભરપાઇના બધાં કલેઇમ પર સામી સહી કરવાની રહેશે. આવા બધા કલેઇમ જરૂરી મૂળ બિલો, વાઉચરો, પ્રમાણપત્રો, વગેરેથી સમર્થિત કરવામાં આવશે. નિયંત્રણ અધિકારી કલેઇમ પર સામી સહી કરતાં પહેલાં જે નિયમો હેઠળ મળવાપાત્ર છે તેની પોતે ખાત્રી કરશે.

નિયમ-૮ - સરકાર માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ

રાજ્ય સરકાર વખતો વખત ખાનગી, અર્ધ સરકારી સંસ્થા કે અન્ય બિનસરકારી હોસ્પિટલને તમામ પ્રકારની સારવાર અથવા તો કોઈ પણ એક કે એકથી વધુ રોગની સારવાર (સ્પેશીયાલીટી) માટે એમ્પેનલ કરવા માટે ધોરણો નક્કી કરી શકશે. હાલ "મા અમૃતમ"ના દરો મુજબ ખાનગી હોસ્પિટલોને **એમ્પેનલ્ડ** ગણવાની રહેશે.

નિયમ-૯- સરકાર માન્ય રીએમ્બર્સમેન્ટના દરો.

રાજ્ય સરકાર વખતો વખત તમામ પ્રકારની સારવાર તથા સારવાર માટે જરૂરી સાધનો / ઇમ્પ્લાન્ટસ / કૃત્રિમ અવયવો કે સંપૂર્ણ સારવાર માટેના પેકેજનો ખર્ચ રીએમ્બર્સમેન્ટ કરવા માટે જરૂરીયાત મુજબના માળખાની રચના કરી શકશે. ( કૃત્રિમ ઈમ્પ્લાન્ટસ / સાધનોની યાદી પરિશિષ્ટ – ૫ મુજબની રહેશે.) હાલ "મા અમૃતમ"ના દરો મુજબ ખાનગી હોસ્પિટલોને **એમ્પેનલ્ડ** ગણવાની રહેશે.

<u>નિયમઃ-૧૦</u> સારવાર અને રીએમ્બર્સમેન્ટ માટે જોગવાઇ

(૧૦.૧) કોઈ પણ રોગની સારવાર માટે દર્દીને જે તે મુકામ (સ્ટેશન) કે જિલ્લામાંની સરકારી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે સારવાર મેળવવા હકદાર રહેશે.

(૧૦.૨) જે તે જિલ્લા ખાતે સરકારી હોસ્પિટલ / દવાખાનામાં સારવાર ઉપલબ્ધ ન હોય તો અધિકૃત ચિકિત્સક રાજ્યની અન્ય સરકારી હોસ્પિટલ / દવાખાના ખાતે રીફર કરી શકશે. દર્દી રીફર કરેલ હોસ્પિટલ ખાતે મેળવેલ સારવાર વિનામૂલ્યે મેળવવા હકદાર રહેશે પરંતુ ઉકત હોસ્પિટલ ખાતે ચાર્જ લેવામાં આવતો હોય તો તે રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

(૧૦.૩) કોઈ પણ રોગની સારવાર માટે દર્દી સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોય તે સારવાર મેળવી શકશે. તે માટે થયેલ તમામ ખર્ચ રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

(૧૦.૪) દર્દી રાજ્ય સરકાર માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલમાં નિર્દિષ્ટ થયેલ રોગો માટે જ મંજૂર થયેલ પેકેજ મુજબ સારવાર લઈ શકશે. આ સારવાર માટે થયેલ ખર્ચ સરકાર માન્ય પેકેજ દરો મુજબ રીએમ્બર્સમેન્ટ થવા પાત્ર રહેશે. (જુઓ નિયમ-૮)- "મા અમૃતમ"ના દરો મુજબ મળવાપાત્ર થશે.

(૧૦.૫) ઉપર (૧૦.૧), (૧૦.૨) અને (૧૦.૩) માં જણાવી છે તેવી હોસ્પિટલ અને રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ ન હોય તો મથક કે જિલ્લાની સરકારી હોસ્પિટલ સિવાયની બીજી એવી હોસ્પિટલ કે જે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી

અને યોગ્ય સારવાર પુરી પાડી શકે તેવા કિસ્સામાં સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકની પૂર્વ મંજૂરીથી મેળવેલ સારવાર માટે થયેલ ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા માન્ય પેકેજ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે. જે રોગો માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ પેકેજ નકકી કરવામાં આવેલ ન હોય તેવા રોગોની સારવાર માટે થયેલ ખર્ચનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહિં.

નિયમ-૧૧ સારવાર માટે પેશગી

કોઈ પણ રોગની સારવારમાં સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ / રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલમાં નિયત કરવામાં આવેલ પેકેજ પૈકીની સારવારમાં ખર્ચ રૂ. ૧,૦૦,૦૦૦/- કરતા વધુ થતો હોય તો તે કિસ્સામાં સંભવિત ખર્ચના ૭૫ ટકા સુધી બિનવ્યાજકી પેશગી મળવાપાત્ર થશે. આવી પેશગી મેળવવા માટે અધિકૃત ચિકિત્સક દ્વારા રાજ્ય સરકાર માન્ય પેકેજ દરો મુજબ સંભવિત ખર્ચનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ પ્રમાણપત્રના આધારે ખાતાના વડા આવી પેશગી મંજૂર કરી શકશે. (આ માટે પરિશિષ્ટ-૬ મુજબ ચેકલીસ્ટ ભરીને સંબંધિતને મોકલવાનું રહેશે.)

(૧૧.૧) કોઇ પણ રોગની સારવારમાં સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ / રાજ્ય સરકાર દ્વારા માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલમાં નિયત કરવામાં આવેલ પેકેજ પૈકીની સારવારમાં થયેલ ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે નીચે જણાવ્યા મુજબ નાણાકીય સત્તાઓ રહેશે.

**રૂ. ૨૫,૦૦૦/- ની મર્યાદા સુધી કચેરીના વડાને સત્તા રહેશે.**

**રૂ. ૨૫,૦૦૦/- થી રૂ.૧,૦૦,૦૦૦/- સુધી ખાતાના વડાને સત્તા રહેશે.**

**રૂ. ૧,૦૦,૦૦૦/- થી વધુ અને રૂ. ૨,૦૦,૦૦૦/-ની મર્યાદા સુધીના કેસોમાં વહીવટી વિભાગના વડાને સત્તા રહેશે.**

**નોંધ: ડ્રોઈંગ ઓફિસર પોતાનું બિલ મંજૂર કરી શકશે નહિ. ડ્રોઈંગ ઓફિસરે પોતાની ઉપલી કચેરીને પોતાનું બિલ મંજૂરી અર્થે મોકલવાનું રહેશે.**

(૧૧.૨.) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નાણા વિભાગના પરામર્શમાં આ નાણાકીય સત્તામર્યાદામાં વખતો વખત સુધારા કરી શકશે.

નિયમ-૧૨ રાજ્ય બહાર લીધેલ સારવાનો ખર્ચ મજરે મળવા બાબત

(૧૨.૧) સામાન્ય રીતે રાજ્યની બહાર લીધેલ સારવારનો ખર્ચ મજરે મળશે નહિં

(૧૨.૨) જે કેસોમાં રાજયમાં સારવાર ઉપલબ્ધ ન હોય અથવા સારવાર ઉપલબ્ધ હોય પરંતુ સંપૂર્ણ વિકસિત ન હોય તેવા સંજોગોમાં નીચેની શરતોને આધીન રાજય બહાર લીધેલ સારવારનો ખર્ચ પરત ભરપાઇ કરી શકાય છે.

(અ) રાજય બહાર સારવાર:- કોઇ પણ રોગની સારવાર રાજયમાં ઉપલબ્ધ ન હોય અથવા સારવાર મેળવવી અનિવાર્ય હોય અને સરકારી હોસ્પિટલ ખાતે આવી સારવાર માટે વેઇટીંગ હોય તો તેવી સારવાર મેળવવા માટે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓની પૂર્વ મંજુરી લઇને રાજય બહાર સારવાર મેળવી શકશે સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતો હોય તેવા સંજોગોમાં સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સક ધ્વારા દર્દીના હિતમાં રાજય બહાર તાત્કાલિક સારવાર લેવી અનિવાય હતી એવું પ્રમાણપત્ર આપેલ હોય તેવા કિસ્સામાં રાજ્ય બહાર લીધેલ સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા માન્ય દરો મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે તેમજ જો દર્દી કર્મચારી હોય તો તેઓને ફકત મુસાફરી ભથ્થુ મળવાપાત્ર રહેશે, દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.

(બ) ફકત દર્દી તથા એક સહાયકને જ કર્મચારીને તેના પગાર ધોરણને અનુરૂપ મળવાપાત્ર મુસાફરીનો ખર્ચ ભરપાઇ કરી શકાશે. અન્ય કોઇ પરિચરને આવુ પ્રવાસ ભથ્થું મળી શકશે નહીં.

<u>નિયમ-૧૩</u> **વિદેશમાં લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મળવા બાબત**

(૧૩.૧) સામાન્ય રીતે વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

(૧૩.૨) જે કેસોમાં ભારતમાં સારવાર ઉપલબ્ધ ન હોય અથવા સારવાર ઉપલબ્ધ હોય પરંતુ સંપૂર્ણ વિકસિત ન હોય તેવા સંજોગોમાં નીચેની શરતોને આધીન વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ પરત ભરપાઇ કરી શકાય છે.

(અ) વિદેશમાં સારવાર મેળવવા માટે રાજય સરકારની સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલના તજજ્ઞની ભલામણ જરૂરી છે તથા કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(બ) ફકત દર્દી તથા એક સહાયકને જ હવાઇ મુસાફરીનો ખર્ચ ભરપાઇ કરી શકાશે. અન્ય કોઇ પરિચરને આવુ પ્રવાસ ભથ્થું મળી શકશે નહીં.

(ક) વિદેશમાં લીધેલ સારવાર માટે દર્દી અને સહાયક માટે ભારત સરકાર તરફથી વખતોવખત નિયત કરવામાં આવતા દરો મુજબ દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે. પરંતુ જો દર્દીની દૈનિક જરૂરીયાતો હોસ્પિટલ તરફથી સારવારના

ભાગરૂપે આપવામાં આવતી હોય તો દૈનિક ભથ્થું ઉપરોક્ત દરોના મહત્તમ ૨૫ ટકા સુધી મળવાપાત્ર રહેશે.

(૧૩.૩) દરેક સરકારી કર્મચારી /અધિકારીને વિદેશ પ્રવાસ/ તાલીમમાં જતા પહેલા ફિટનેસ સર્ટીફિકેટ લેવાનુ આવશ્યક રહેશે. જો સરકારી કર્મચારી સરકારી પ્રવાસમાં, તાલીમમાં કે પ્રતિનિયુક્તિ પર વિદેશમાં હોય ત્યારે બીમાર પડે તે સંભાવનાને પહોંચી વળવા માટે પ્રવાસના પૂર્વે તબીબી વિમાની યોગ્ય પોલિસી (મહત્તમ અમેરીકન $ ૧,૦૦,૦૦૦/- નો સમગ્ર ખર્ચ પુરતુ) લઇ લેવાની રહેશે. આ અંગે વિમા પોલિસીની રકમના ૧ ટકા અથવા ખરેખર ચૂકવેલ પ્રીમિયમની રકમ બે માંથી જે ઓછુ હશે તેટલી રકમ સરકારી કર્મચારીને રીએમ્બર્સ કરવાની રહેશે. જો સરકારી કર્મચારી સરકાર તરફથી વિદેશમાં તાલીમ અથવા સ્ટડી લીવ પર મોકલેલ હોય તો ઉપર જણાવેલ મર્યાદામાં મેળવેલ વિમા પોલિસી માટે ઉપર મુજબનો લાભ માત્ર કર્મચારીને જ મળવાપાત્ર રહેશે. આ અંગેની તબીબી સારવાર અન્વયે ઈન્શ્યોરન્સ સિવાય અન્ય કોઈ વળતર મળવાપાત્ર રહેશે નહી.

નિયમ:-૧૪ નિવાસસ્થાને સારવાર

(૧૪.૧) સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકના અભિપ્રાય મુજબ, યોગ્ય સરકારી હોસ્પિટલના અભાવે કે દૂર હોવાને લીધે અથવા સખત માંદગીના લીધે દર્દીના નિવાસ સ્થાને સારવાર આપવી અનિવાર્ય હોય તેવા કિસ્સામાં દર્દીના નિવાસ સ્થાને આ નિયમો હેઠળ દર્દીને મળતી તમામ સારવાર સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલ / સરકાર માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ દ્વારા આપી શકાશે. આવી સારવાર માટેનો ખર્ચ રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

(૧૪.૨) ઉપર જણાવેલ સારવાર માટે થયેલ ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સક ધ્વારા પરિશિષ્ટ-૨ માં પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

નિયમ-૧૫ સરકારી કર્મચારીઓએ ખરીદેલ દવા માટેના નાણાંની ભરપાઇ

(૧૫.૧) અધિકૃત ચિકિત્સકે લખી આપેલી બધી દવા શક્ય હોય એટલે અંશે, દર્દીએ જ્યાં સારવાર લીધી હોય તે મુકામ ખાતેની સરકારી હોસ્પિટલ અને દવાખાનામાંથી આપવી, બહારથી મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવાની થાય તો જે દવાઓમાં જેનેરિક દવાઓ પ્રાપ્ય હોય તેવા કિસ્સામાં જેનેરિક દવાઓને પ્રાથમિકતા આપવી,પરંતુ હોસ્પિટલમાં કોઇ દવા, રસી, સીરા કે ઉપચારક પદાર્થો સામાન્ય રીતે પ્રાપ્ય ન હોય તો આવી દવાઓ અનુસુચિ-૧ અંતર્ગત આવતી હોય ત્યારે સરકારી કર્મચારી પ્રથમ

તબક્કે ખરીદી શકે અને તેની કિંમત આ નિયમો અનુસાર સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર તેમજ જરૂરી વાઉચરો રજુ કર્યેથી તેને ભરપાઇ કરી આપવામાં આવશે. અધિકૃત ચિકિત્સક જ્યારે બહારથી દવા ખરીદવા નિયત કરેલા ફોર્મમાં પ્રિસ્ક્રાઈબ કરે ત્યારે જેનેરિક દવાઓને પ્રાથમિકતા આપવાની રહેશે. તબીબી ભથ્થુ મેળવનાર કર્મચારીને બહારના દર્દી તરીકે લીધેલ સારવાર માટે થયેલ ખર્ચનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે નહિં. (પરિશિષ્ટ-૨ તથા ૨(અ) )

(૧૫.૨) બહારથી ખરીદેલ દવાના બીલ (કેશમેમો) પર, દવા લખી આપનાર ડૉક્ટરની સામી સહી કરાવવાની રહેશે અને લખી આપેલી તમામ દવાઓના નામ અને તે ખરીદવા માટે ખર્ચેલી રકમ સાથે ઉલ્લેખ કરીને પરિશિષ્ટ-૨ માં આપેલ નમુનામાં આવશ્યકતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**સ્પષ્ટતા:** તબીબી સારવારના વળતરના બીલો સાથે ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન સામેલ રાખવું જરૂરી રહેશે.

(૧૫.૩) ડાયાબિટીસના દર્દના નિયંત્રણ માટે ઇન્સ્યુલીન જેવા ઇન્જેક્શન જાતે લેતા દર્દીઓ કે જે માસિક તબીબી ભથ્થું મેળવતા ન હોય તેવા કિસ્સામાં ડીસ્પોઝેબલ સીરીન્જ અને નીડલનું ખર્ચ નીચે જણાવેલ શરતોને આધીન માન્ય ખર્ચ તરીકે ગણવામાં આવશે.

(ક) આ લાભ ડાયાબિટીસના દર્દીઓ કે જેઓ તબીબી ભથ્થું ન મેળવતા હોય અને જાતે જ ઘરે ઇન્જેક્શન લેતા હોય તેમના પુરતો જ મર્યાદિત રહેશે.

(ખ) ડાયાબિટીસના દર્દીઓ અધિકૃત તબીબી અધિકારીના પ્રિસ્ક્રિપ્શન મુજબ ડીસ્પોઝેબલ સીરીન્જ અને નીડલ એક સાથે ખરીદવાના રહેશે. અને બીલ ચુકવવાનું રહેશે.

(૧૫.૪) ડાયાબિટીસના દર્દીઓને જાતે ઇન્સ્યુલીન લેવા માટે ડીસ્પોઝેબલ સીરીન્જ, નીડલ નો ખર્ચ મંજુર કરવાની સાથે સાથે ડાયાબીટીસના દર્દીઓને જાતે જ લોહીમાં ખાંડની માત્રા (બ્લડ સુગર) કેટલુ છે તે જાણવા માટે ગ્લુકોમીટર સાધનનો ફકત એક વાર ખર્ચ રૂ.૨૦૦૦/- ની મર્યાદામાં મંજુર કરવામાં આવશે. સાધન અંગે કરેલ ખર્ચનું બીલ રજુ કરવાનું રહેશે. ગ્લુકોમીટરમાં વપરાતા સ્ટ્રીપ્સ અને નીડલનું ખર્ચ મળવાપાત્ર રહેશે નહિં.

(૧૫.૫) ગુજરાત સરકારમાં સેવા બજાવ્યા બાદ ગુજરાત સિવાયના રાજ્યમાં સ્થાયી થયેલ સરકારી અધિકારી/ કર્મચારીને સંબંધિત રાજ્ય ખાતે લીધેલ સરકારી દવાખાના / હોસ્પિટલ અથવા રાજ્ય સરકારે તે રાજ્યમાં માન્યતા આપેલ હોસ્પિટલ દવાખાના

ખાતે લીધેલ તબીબી સારવાર માટેના દરો સી.જી.એચ.એસ. ના દરોને ધ્યાને લઈને રીએમ્બર્સમેન્ટ મળવા પાત્ર રહેશે. આ માટે તેઓ જે જગ્યાએથી નિવૃત્ત થયેલ હોય તે કચેરી / વિભાગ મારફતે રીએમ્બર્સમેન્ટ મેળવવાનું રહેશે.

(૧૫.૬) રાજ્ય સરકારની સેવામાં પ્રતિનિયુક્તિના ધોરણે અથવા ફરજના ભાગ રૂપે ગુજરાત રાજ્ય સિવાયના રાજ્યમાં ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને પણ રીએમ્બર્સમેન્ટ માટે સી.જી.એચ.એસ ના દરો લાગુ પડશે. આ માટેનો દાવો તેમના સંબંધિત વિભાગ મારફતે મેળવવાનો રહેશે.

**<u>નિયમઃ-૧૬</u> ક્લેઇમ રજુ કરવાની સમય-મર્યાદા**

(૧૬.૧) આ નિયમો હેઠળ મળવાપાત્ર નાણાં ભરપાઇ કરવાના તમામ ક્લેઇમ તબીબી સારવાર અથવા ચિકિત્સા પુરી થયાની તારીખથી ૬ માસની અંદર સબંધિત સરકારી કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારીને રજુ કરવાની રહેશે.

સ્પષ્ટતાઃ-

(૧) અંદરના દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો સારવાર પૂર્ણ થયાની તારીખથી ૬ માસમાં તથા બહારના દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો ૬ માસની સમયમર્યાદામાં તેઓના સંબંધિત સક્ષમ અધિકારી/કચેરીમાં રજુ થયેલ હોવો જોઇએ.

(૨) આ રીતે ૬ માસની સમયમર્યાદામાં જે દાવો કરવા પાત્ર છે તે સંજોગોવશાત, સમય મર્યાદામાં થયેલ ન હોય તો ત્યાર પછીના ૬ માસની અંદર તે અંગેના વાજબી કારણો સાથેની દરખાસ્ત માટે સંબંધિત કચેરીના વડા, દાવાના વ્યાજબીપણાને અને ખરાપણાને ધ્યાને લઇને ડીલે કોન્ડોનના હુકમો કરી શકશે. પરંતુ સારવાર પૂર્ણ થયાના એક વર્ષ પછીના દાવા માટે સંબંધિત વહીવટી વિભાગના વડા ડીલે કોન્ડોનના હુકમો કરી શકશે. બે વર્ષથી વધુ સમયના વિલંબીત દાવા માટે સંબંધિત વહીવટી વિભાગ મારફતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને દરખાસ્ત રજુ કરવાની રહેશે. ત્રણ વર્ષથી ઉપરના વિલંબ માટે સરકારશ્રીને સત્તા રહેશે.

(૧૬.૨) પતિ-પત્ની બંને સરકારી કર્મચારી હોય તો પોતાની સારવારનું બિલ તેઓ જ્યાં ફરજ બજાવતાં હોય તે કચેરીમાં રજૂ કરવાનું રહેશે. પરંતુ તેના આશ્રિતનું બિલ કોઇપણ એક (પતિ કે પત્ની) રજૂ કરી શકશે અને અન્યએ (પતિ કે પત્ની) પોતાની કચેરીમાં દાવો નહીં કર્યાનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

(૧૬.૩) સરકારી કર્મચારીને તબીબી હેતુસર જરૂરી હોય તે પ્રમાણપત્રો માટે અને રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરોએ આપેલ પ્રમાણપત્રો ઉપર પ્રતિ હસ્તાક્ષર કરવા માટે અધિકૃત ચિકિત્સક સરકારી કર્મચારીઓ પાસેથી કોઇપણ ફી કે ચાર્જીસ લઇ શકશે નહી.

(૧૬.૪) રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર ૧૦ દિવસ કે તેથી ઓછી રજા માટે પ્રમાણપત્ર આપી શકશે. ૧૦ દિવસથી વધુ રજા માટે જ્યારે મેડીકલ પ્રેકટીશનરે રજાનું પ્રમાણપત્ર આપ્યું હોય (૩૦ દિવસની મર્યાદામાં) ત્યાં સરકારી હોસ્પિટલ /સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકની સામી સહી મેળવવાની રહેશે. તબીબી કારણોસર ૩૦ દિવસથી વધુ રજાઓ ભોગવેલ હોય તો ફકત સરકારી હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન, નિવાસી તબીબી અધિકારી કે અધિક્ષકની પ્રતિ સહી કરાવવાની રહેશે.

(૧૬.૫) આવશ્યક સેવાઓ (જેમ કે પોલીસ / ફાયર / તબીબી) માં ફરજ બજાવતાં કર્મચારીઓએ સળંગ ૩૦ દિવસથી વધુ સમયની માંદગી સબબની રજાઓ માટે અથવા ૬ માસમાં ૩ માસ કરતાં વધુ સમયની માંદગી સબબની રજાઓ માટે સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકનું ફીટનેસ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

<u>નિયમ:-૧૭</u> **તબીબી સારવાર સિવાયની સેવાઓ માટે ચૂકવવાનું ખર્ચ**

વખતો વખત ચિકિત્સા પદ્ધતિઓમાં થતા સંશોધનો, વધારાઓના આધારે નવી પદ્ધતિઓની માન્યતા, દરો નિયત કરવાની બાબત, સાધનો / ઈમ્પ્લાન્ટ્સ તેમજ અધિકૃત ચિકિત્સક દ્વારા ભલામણ કરવામાં આવેલ તબીબી સારવાર રીએમ્બર્સમેન્ટ પાત્ર છે કે નહિં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિમેલ સમિતિને આધીન રહેશે.

<u>નિયમ:-૧૮</u> **તબીબી ભથ્થું મંજુર કરવા બાબત**

(૧૮.૧) તબીબી ભથ્થાંની રકમ રૂ.૩૦૦/- પ્રતિ માસ મળવાપાત્ર રહેશે. નીચેની શરતોએ તબીબી ભથ્થું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૮.૨) સરકારી કર્મચારી માસિક તબીબી ભથ્થા અથવા રીએમ્બર્સમેન્ટ લેવા માંગે છે તે અંગેનો વિકલ્પ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં નિયત કરેલ નમુનામાં આપવાનો રહેશે. આપેલ વિકલ્પમાં સરકારી કર્મચારી ફેરફાર કરવા ઇચ્છતા હોય તો જે તે નાણાકીય વર્ષ પૂર્વે ૧૦ માર્ચ સુધીમાં સંબંધકર્તા ઉપાડ અને વહેંચણી અધિકારી / તિજોરી અધિકારી સમક્ષ વિકલ્પ બદલવા માટે નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. આ વિકલ્પની નોંધ સરકારી કર્મચારીઓની સેવાપોથી / સર્વીસ કાર્ડ/ સર્વીસ રોલમાં રાખવાની રહેશે. આ વિકલ્પ નાણાકીય વર્ષની વચ્ચેથી બદલી શકાશે નહિં

પરંતુ આકસ્મિક ગંભીર બિમારીઓ જેવી કે ક્ષય, કેન્સર, રક્તપિત્ત, કીડનીના રોગો, હ્રદય રોગ, એચ.આઈ.વી.એઈડ્ઝ વગેરે જેવા રોગોમાં ચાલુ નાણાંકીય વર્ષમાં વિકલ્પ બદલી શકાશે. (પરિશિષ્ટ-૧(ક))

(૧૮.૩) એક કુટુંબમાં એક થી વધારે વ્યકિતઓ રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર/ રાજ્ય સરકારના જાહેર સાહસો / નિગમો, બેન્કો, મ્યુનિસિપલ કોર્પોરેશન અર્ધસરકારી સંસ્થાઓ કે બોર્ડના કર્મચારી / પેન્શનર હોય અને તેઓને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર)નિયમો-૨૦૧૫ લાગુ પડતા હોય અને આ નિયમો હેઠળ મેડીકલ એલાઉન્સ / રીએમ્બર્સમેન્ટનો વિકલ્પ આપવાનો થતો હોય તો તમામને સયુંકત પણે કોઇ પણ એક જ વિકલ્પ સ્વીકારવાનો રહેશે તેમજ તબીબી સારવારનો ખર્ચ મજરે મેળવવા માટે કોઈપણ એક વ્યકિતને લાગુ પડતી ઓફિસમાં બીલ રજુ કરી શકશે અને અન્ય વ્યકિતઓએ એમની ઓફિસમાંથી સદર ખર્ચ મેળવેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પરંતુ જો તેઓ કુટુંબની વ્યાખ્યા મુજબ સંપૂર્ણપણે આધારિત ન હોય તો અલગ અલગ વિકલ્પ આપી શકશે.

(૧૮.૪) નવી નિમણૂંક મેળવતા સરકારી કર્મચારીઓ / એક વર્ષની સળંગ સેવા અંગેની શરત પુરી કરતા વર્કચાર્જ કર્મચારીઓ કે અન્ય જેઓને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ લાગુ પડતા હોય તેવા કિસ્સામાં સબંધિત કર્મચારીએ નિમણૂંક મળ્યા બાદ ૩૦ દિવસમાં તબીબી ભથ્થુ / મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવવા માટે વિકલ્પ આપવાનો રહેશે.

(૧૮.૫) સરકારી કર્મચારી લાંબી રજા ઉપર હોય કે માંદગી હેઠળ હોય અથવા તો અન્ય કોઇ પણ પ્રકારના સંજોગો હેઠળ વિકલ્પ ૧૦ માર્ચ સુધીમાં આપવા અશકિતમાન બન્યા હોય તેવા કિસ્સામાં ટપાલ ધ્વારા ૩૧ મી માર્ચ સુધીમાં આગામી વર્ષ માટે વિકલ્પ બદલી શકશે. કર્મચારીએ હાજર થયા બાદ નિયત ફોર્મમાં પશ્ચાતવર્તી વિકલ્પ આપવાનો રહેશે.

<u>નિયમ-૧૯</u> શારીરિક ખોડખાંપણવાળા કર્મચારીઓ કે જેઓ જન્મથી અથવા કોઇ બીજી બીમારીને કારણે અથવા અકસ્માતના કારણે અપંગ બનેલા હોય તેવા સરકારી કર્મચારીઓને ત્રણ પૈડાવાળી હાથથી ચલાવાતી એમ્બ્યુલેટરી સાયકલ ખરીદવા માટે સહાય ઇચ્છતા શારીરિક ખોડખાંપણવાળા સરકારી કર્મચારીઓને રૂ ૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) જેટલી નાણાંકીય સહાય મંજુર કરતી વખતે સક્ષમ અધિકારીએ નીચે મુજબની શરતોને આધીન રહી મંજુરી આપવાની રહેશે.

(૧૯.૧) સબંધિત સરકારી કર્મચારીએ પોતાને શારીરિક ખોડખાંપણ હોવાનું પ્રમાણપત્ર, જિલ્લાના સિવિલ સર્જન અથવા સરકારી ઓર્થોપેડીક સર્જન અથવા અધિકૃત તબીબી અધિકારી પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે.

(૧૯.૨) ત્રણ પૈડાવાળી હાથથી ચલાવાતી એમ્બ્યુલેટરી સાયકલ ખરીદ્યા અંગેનું બિલ સબંધિત કર્મચારીએ રજુ કર્યા બાદ સબંધિત વિભાગ/ કચેરી તરફથી આવા સરકારી કર્મચારીને નાણાંકીય મદદ આપવાની રહેશે.

(૧૯.૩) સબંધિત સરકારી કર્મચારીને આ જ હેતુ માટે શિક્ષણ અને મજુર વિભાગના તારીખ ૧૦-૪-૭૦ ના સરકારી ઠરાવ ક્રમાંક ઇડીબી/૧૦૬૯/૨૧૬૫/છ માંની જોગવાઇઓ હેઠળ સામાજીક સુરક્ષા વિભાગ તરફથી શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતઓને મળતી નાણાંકીય સહાય મેળવેલ નથી તે મતલબનું જરૂરી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

નિયમ-૨૦ મેડીકલેઇમ પોલિસી ધરાવતા કર્મચારીઓને તેઓની તબીબી સારવારનો ખર્ચ રીઆમ્બર્સમેન્ટ મેળવતી વખતે વીમા કંપનીએ ચુકવેલ વીમા કલેઇમની રકમ + નિયમોનુસાર રીઆમ્બર્સમેન્ટને પાત્ર રકમ મળીને તેઓએ તબીબી સારવાર માટે ખરેખર ખર્ચેલ કુલ રકમથી વધે નહી તેટલી રકમ મજરે મળવાપાત્ર રહેશે. તથા આ હેતુ માટે મેડીકલેઈમ માટે મેળવેલ રકમ તથા રીએમ્બર્સમેન્ટ કરવામાં આવેલ રકમ ખરેખર થયેલ ખર્ચ કરતાં વધતી નથી તે મુજબની બાંહેધરી કર્મચારીએ દાવા સાથે લેખિતમાં રજુ કરવાની રહેશે.

સ્પષ્ટતાઃમેડીકલેઈમ પોલિસી ધરાવતા કર્મચારીઓ જો મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવવા માંગતા હોય તો તેવા કર્મચારીઓએ મેડીકલેઈમ પોલિસીની વિગતો જાહેર કરવાની રહેશે તથા મેળવેલ મેડીકલેઇમની રકમ જાહેર કર્યા બાદ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવવા પાત્ર થશે. મેડીકલેઈમ પોલિસી દ્વારા મેળવેલ વળતરની જાણ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારી સામે શિસ્તભંગના પગલા લેવામાં આવશે તથા ચૂકવવામાં આવેલ રીએમ્બર્સમેન્ટની રકમ વ્યાજ સહિત વસુલ કરવામાં આવશે.

નિયમ-૨૧ ઇમ્પ્લાન્ટસ -

સરકારી કર્મચારીએ સામાન્ય રીતે સરકારી હોસ્પિટલ ખાતે કૃત્રિમ અવયવો (ઈમ્પ્લાન્ટસ )સારવારના ભાગ રૂપે નાખવામાં આવે છે. જેનું રીએમ્બર્સમેન્ટ ૧૦૦% મળવાપાત્ર રહેશે (માત્ર ઈમ્પ્લાન્ટસની કિંમત) પરંતુ સરકારી હોસ્પિટલ ખાતે આવા કૃત્રિમ અવયવો ઉપલબ્ધ ના હોય ત્યારે માન્ય દરે મળવા પાત્ર રહેશે. તદુપરાંત

જ્યારે કોઈ કર્મચારી આવી ઈમ્પ્લાન્ટસ સારવાર સરકારી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ ના હોય તો એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે સારવાર લઈ શકશે અને તેનું રીએમ્બર્સમેન્ટ પણ મા અમૃતમના દર મુજબ મળવાપાત્ર રહેશે. જો આ અંગેની સારવારનો પેકેજમાં સમાવેશ થયેલ ન હોય તો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વહીવટી વડાની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ દ્વારા નક્કી કરેલ દરો મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

<u>નિયમ-૨૨</u> રાજ્ય બહાર વસતા અને રાજ્ય બહાર પેન્શન મેળવતા પેન્શનરોને ફક્ત તબીબી ભથ્થુ મળવાપાત્ર રહેશે. ગુજરાત સરકારમાં સેવા બજાવ્યા બાદ ગુજરાત સિવાયના રાજ્યમાં સ્થાયી થયેલ પેન્શનરે સંબંધિત રાજ્ય ખાતે લીધેલ સરકારી દવાખાના / હોસ્પિટલ અથવા રાજ્ય સરકારે તે રાજ્યમાં માન્યતા આપેલ હોસ્પિટલ દવાખાના ખાતે લીધેલ તબીબી સારવાર માટેના દરો સી.જી.એચ.એસ. ના દરોને ધ્યાને લઈને રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે. આ માટે તેઓ જે જગ્યાએથી નિવૃત્ત થયેલ હોય તે કચેરી / વિભાગ મારફતે રીએમ્બર્સમેન્ટ મેળવવાનું રહેશે.

<u>નિયમ-૨૩</u>

(૨૩.૧) આ નિયમોમાં ગમે તે જોગવાઇ હોય તો પણ ખાસ કિસ્સામાં કોઇપણ દર્દીને તેને થયેલ તબીબી સારવારનો ખરેખર ખર્ચ તથા સારવારના ભાગરૂપે સાધનો, દવા અન્ય સામગ્રીનો કુલ ખર્ચ રૂ.૨.૦૦ લાખથી વધુ અને રૂ.૧૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રી /અગ્રસચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિની ભલામણના આધારે માનનીય મંત્રીશ્રી (આરોગ્ય) રીએમ્બર્સમેન્ટ માટે મંજુરી આપી શકશે.

(૨૩.૨) રૂ.૧૦.૦૦ લાખ થી વધુના ખાસ કિસ્સામાં માનનીય મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી મંજૂરી મેળવવાની રહેશે.

**<u>નિયમ-૨૪</u> નિયમના ભંગ બદલની શિસ્ત ભંગની કાર્યવાહી**

(૨૪.૧) અધિકૃત ચિકિત્સક દ્વારા, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન/નિવાસી તબીબી અધિકારી દ્વારા કરવામાં આવતી સહી/પ્રતિસહી માં ગેરરીતિ થયેલ હોવાની બાબત ધ્યાને આવશે તો તેવા તબીબી અધિકારી સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ-૧૯૭૧ હેઠળ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે. આ અંગેનો કેસ પ્રથમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની નિયત કરેલ સમિતિ સમક્ષ રજુ કરવાનો રહેશે. સમિતિ દ્વારા આ અંગેના આક્ષેપો સાબિત રહેતા હોવાનું ફલીત થશે તો તેવા અધિકૃત ચિકિત્સક/મુખ્ય

જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન/નિવાસી તબીબી અધિકારી સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ-૧૯૭૧ હેઠળ કાર્યવાહી માટે ભલામણ કરી શકશે. સમિતિએ ભલામણ કરી હોય તેવા કેસમાં કર્મચારી જવાબદાર ઠરે તો તેની સામે રૂખસદ / બરતરફીથી ઓછી ન હોય તેવી શિક્ષા કરવાની રહેશે તથા આવા અધિકારીઓની મેડીકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવેલ નોંધણી / માન્યતા રદ કરવા માટે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૨૪.૨) એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે લીધેલ સારવાર ખર્ચનું passed for payment ની રકમ સંબંધિત જિલ્લા ના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન / અધિક્ષક દ્વારા પ્રમાણિત કરવાની રહેશે તથા આપેલ સારવાર માટે જે પેકેજની સારવાર આપવામાં આવેલ છે તેની યોગ્યતાની ચકાસણી કરી, પેકેજની મર્યાદામા પ્રતિ સહી થયેલ છે તેની ખાત્રી કરવાની રહેશે. કોઇ અનિયમીતતા ધ્યાને આવે તો આરોગ્યઅને પરિવાર કલ્યાણ વિભાગના ધ્યાને લાવવાની રહેશે. નિયત કરવામાં આવેલ પેકેજની રકમ તથા કરારની શરતનો ભંગ થયાની બાબત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ધ્યાને આવશે તો તેવી સંસ્થાની સામે નાણાકીય દંડ, કાનુની કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી હાથ ધરી શકાશે તથા આવી સંસ્થાને કાયમ માટે એમ્પેનલ્ડ હોસ્પિટલની યાદીમાંથી કમી કરી શકાશે.

(૨૪.૩) જો કોઇ સરકારી કર્મચારી દ્વારા ખોટું મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવેલ હોવાનું ધ્યાને આવે તો, તેઓ સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ હેઠળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તપાસની પ્રક્રિયાના અંતે ખોટુ રીએમ્બર્સમેન્ટ મેળવવા અંગેનો આક્ષેપ સાબિત રહેશે તો તેવા કર્મચારીને ફરજીયાત નિવૃત્તિ/ રૂખસદ / બરતરફીથી ઓછી શિક્ષા કરી શકાશે નહિં.

જો કોઇ પેન્શનર દ્વારા ખોટુ મેડીકલ રીએમ્બર્સમેન્ટ લેતા હોવાનું તિજોરી કચેરી / પગાર અને હિસાબી અધિકારીની કચેરી દ્વારા ધ્યાને આવશે તો આવા કેસ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ નિયમો માટે રચાયેલ સમિતિ સમક્ષ રજુ કરી કાયમના ધોરણે મેડીકલ રીએમ્બર્સમેન્ટ તથા તબીબી ભથ્થુ બંધ કરવામાં આવશે.

(૨૪.૪) મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવતા કર્મચારીઓ માટે દરેક ઉપાડ અને વહેંચણી અધિકારીએ પરિશિષ્ટ-૩ મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨૪.૫) ઉપાડ અને વહેંચણી અધિકારીએ રીએમ્બર્સમેન્ટના બીલ સાથે પરિશિષ્ટ-૩(અ) મુજબનું પ્રમાણપત્ર પગાર અને હિસાબી અધિકારી / તિજોરી અધિકારીને મોકલવાનું રહેશે.

નિયમ-૨૫ રીએમ્બર્સમેન્ટ માટે અપવાદરૂપ બાબતો.

(૨૫.૧) ખાસ પરિચર્યા (નર્સીંગ) સારવારના ભાગરૂપ હોય ત્યાં આવી ખાસ પરિચર્યા અંગે થયેલ કુલ ખર્ચના ૫૦ ટકાની મર્યાદામાં રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

(૨૫.૨) દવા ના હોય પરંતુ સામાન્ય રીતે ખોરાક, ટોનિક કે પ્રસાધન (ટોઇલેટ) બનાવટ જેવી બનાવટોના ખર્ચની ચુકવણી આ નિયમ હેઠળ મળવાપાત્ર નથી. આવી બનાવટો, ખોરાક, ટોનિક પ્રસાધન બનાવટ છે કે નહી એ નક્કી કરવા માટે ભારત સરકારે તેમના કર્મચારીઓ માટે તૈયાર કરેલી મળવાપાત્ર દવાની વખતોવખત સુધારવામાં આવે એવી યાદી સરકાર નિર્દિષ્ટ કરે એ તારીખોથી અપનાવવી.

(૨૫.૩) બજારમાંથી દવાઓ ખરીદતી વખતે સરકારી કર્મચારીએ ચૂકવેલ વેચાણવેરો આ નિયમો હેઠળ પરત મળવાપાત્ર છે. મુકામ બહારથી (આઉટ સ્ટેશન) ખાસ દવાઓ ખરીદવા માટે સરકારી કર્મચારીઓએ ચુકવેલ પેકીંગ અને ટપાલ ખર્ચ પરત ચૂકવવાપાત્ર નથી.

(૨૫.૪) અનિયમિત કે અસંયમી ટેવોથી પ્રત્યક્ષ રીતે થયેલ કે વધેલ કે ઉગ્ર બનેલ કોઇ રોગની સારવાર પાછળ સરકારી કર્મચારીએ કરેલું ખર્ચ રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે નહિ.

(૨૫.૫) વિદેશમાંથી ખરીદેલ દવાઓ અંગે સરકારી કર્મચારીઓએ ચૂકવેલ જકાત અંગેનું ખર્ચ આવી દવા-દવાઓ સારવાર માટે આવશ્યક હતી અને તે દવા/ દવાઓ સામાન્ય રીતે ભારતમાં ઉપલબ્ધ ન હતી એવું આરોગ્ય સેવાના નિયામક (તબીબી) પ્રમાણિત કરે એ શરતને આધીન રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

(૨૫.૬) જો કોઇ રોગને કારણે કેટલીક શારીરિક અશક્તતા ખામી ઉભી થયેલ હોય તો તે દુર કરવા માટે સરકારી હોસ્પિટલો કે, સરકાર માન્ય સંસ્થાઓ કે જ્યાં આવી ફીઝીયોથેરાપેથીક અને ઓક્યુપેશનલ થેરાપીક સારવાર ઉપલબ્ધ હોય તો તે મળવાપાત્ર થશે. પરંતુ,

(૧) શારીરિક સુસજ્જતા / શકિત

(૨) સૌંદર્યનો હેતુ અથવા

(૩) શારીરિક સુડોળતા માટે લીધેલ સારવારનું કોઇ પણ ખર્ચ મળવાપાત્ર થશે નહી.

(૪) દાંતના રોગોને લગતી સારવાર સરકારી દવાખાના તથા ગ્રાંટ ઇન એઇડ સંસ્થા તથા સરકાર માન્ય સંસ્થામાં કોસ્મેટીક સર્જરી સિવાય રાજય સરકાર દ્વારા માન્ય દરો મુજબ મળવાપાત્ર થશે.

(૨૫.૭) આંખની ચિકિત્સામાં ત્રાંસી આંખ તથા મોતિયાની સારવારનો સમાવેશ કરવામાં આવે છે. પણ ચશ્મા / કોન્ટેક્ટ લેન્સની જોગવાઇનો સમાવેશ થતો નથી.

(૨૫.૮) સ્ત્રી દર્દીની પ્રસુતિ માટે નોર્મલ ડીલીવરી અને સીઝેરીયન ડીલીવરી માટેનો ખર્ચ રીએમ્બર્સમેન્ટ થવા પાત્ર રહેશે નહિં પરંતુ માતા અને બાળકના જીવન-મરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા અપવાદરૂપ કિસ્સામાં રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

(૨૫.૯) પ્રસુતિના કિસ્સામાં પ્રથમ બે બાળકો માટે પ્રસુતિ પહેલા અને પ્રસુતિ પછીનો સરકારી હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ માન્ય દરો મુજબ મળવાપાત્ર થશે. બે થી વધુ હયાત બાળકો માટે રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે નહિં.

(૨૫.૧૦)સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલો સિવાય લીધેલ દાંતની સારવાર રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે નહિં. જેમ કે દાંતના પોલાણો પુરવા, દાંતનું ચોકઠુ, દાંતને કેપ ચઢાવવી વગેરે.

(૨૫.૧૧)જે કિસ્સાઓમાં એક જ સમયે બંને પદ્ધતિ હેઠળ સારવાર લેવામાં આવે છે. તે બંને પદ્ધતિ હેઠળ લેવામાં આવેલ સારવારના ખર્ચના નાણાં સરકારી કર્મચારીને મળવાપાત્ર નથી. પરંતુ બે પૈકીના એક જ પદ્ધતિ હેઠળ લીધેલ સારવારના નાણાં મળવાપાત્ર છે, પરંતુ સરકારી કર્મચારીએ એક જ સમયગાળા દરમ્યાન અલગ અલગ રોગ માટે અલગ અલગ માન્ય ચિકિત્સા પદ્ધતિ હેઠળ સારવાર લીધેલ હોય તેવા કિસ્સામાં સરકારી કર્મચારીને એક કરતાં વધુ માન્ય ચિકિત્સા હેઠળ અલગ અલગ રોગ માટે થયેલ ખર્ચ મળવાપાત્ર ગણવું

**નિયમ-૨૬ રીએમ્બર્સમેન્ટ સબબ કર્મચારી દ્વારા કરવામાં આવતી કાનુની કાર્યવાહી બાબત.**

જયારે કોઇ દર્દીએ સરકારી હોસ્પિટલ સિવાયની એટલે કે સરકારી હોસ્પિટલ સમકક્ષ કે સરકાર માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલ કે અન્ય કોઇ હોસ્પિટલ ખાતે સારવાર લીધેલ હશે અને દર્દીને થયેલ શારીરિક / માનસિક / મૃત્યુ સબબ થયેલ નુકશાની અંગે કુટુંબના સભ્યો કે સગા દ્વારા કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવે ત્યારે તે માટેની તમામ કાનુની કાર્યવાહી ઉકત હોસ્પિટલ / સંસ્થાએ હાથ ધરવાની રહેશે. નામ. અદાલતના ચૂકાદા અન્વયે થનાર દંડ/શિક્ષા/વળતર અંગે સંબંધિત સંસ્થા જવાબદાર રહેશે.

આવા દાવા રજુ કરવામાં આવે ત્યારે દાવો રજુ કરનાર કર્મચારી જે કચેરી / વિભાગ હેઠળનો કર્મચારી હશે તે સંબંધિત કચેરી / વિભાગ દ્વારા સઘળી કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આ અંગે તબીબી સારવારને લગતી તાંત્રિક બાબત ઉપસ્થિત થાય તો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સલાહ મેળવી શકાશે.

નિયમ-૨૭ અન્ય બાબતો (Miscellaneous):

(૨૭.૧) ફરજ મોકુફી હેઠળના સરકારી કર્મચારીઓ / અધિકારીઓની બાબતમાં સરકારી કર્મચારીઓ / અધિકારીઓનો દરજ્જો નક્કી કરવા માટે તેમની ફરજ મોકુફીની તારીખ પહેલા તરત આકારેલા પગારને ધ્યાને લેવાશે.

(૨૭.૨) સરકારી કર્મચારીની તબીબી સારવાર જેવી કે કેન્સર કિડની, ક્ષય, રકતપિત્ત વગેરે તેમજ રાજય સરકાર દ્વારા ખાસ નિયમો / સરકારી ઠરાવો / પરિપત્રોથી નક્કી કરવામાં આવ્યા મુજબ તેમાં થયેલ જોગવાઇ મુજબ લાભો મળવાપાત્ર થશે.

હાલ "મા અમૃતમ" યોજનામાં જે હોસ્પિટલોનો સારવાર માટે સમાવેશ થયેલ હોય, તેને આ પોલિસીમાં માન્ય ગણવાની રહેશે. હાલના નિયમો મુજબની કર્મચારીઓની સારવાર માટેની માન્ય હોસ્પિટલોને જો નવી પોલિસી / નિયમોમાં જોડાવું હોય, તો તેમણે " મા અમૃતમ " યોજનામાં જોડાવાનું રહેશે. અને "મા અમૃતમ" યોજનામાં વખતો વખત થતાં સુધારા લાગુ પડશે. "મા અમૃતમ " યોજનાના ઓપરેશનો / પ્રોસિજરો અને તેના દરો અને માન્ય હોસ્પિટલોમાં પણ વખતો વખતના સુધારા આ નવી પોલિસીને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

(કે.એલ.પટેલ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

પરિશિષ્ટ-૧(અ)

(નિયમ -૧૮.૨)

કર્મચારીએ ભરવાની વિગત:

સરકારી કર્મચારીનુ નામ: ..............................................................................

હોદો : ..............................................................................

પ્રતિ,

(કચેરીના વડા)

શ્રીમાન,

રાજ્ય સરકારના કર્મચારીઓને " તબીબી ભથ્થું" આપવા અંગેની શરતો/ જોગવાઇઓની મને જાણ કરવામાં આવી છે, જે મેં વાંચી છે અને સમજ્યો/ સમજી છું. મને ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ લાગુ પડે છે. આથી સન:..........................................ના નાણાંકીય વર્ષ માટે હું તબીબી ભથ્થું મેળવવાનો વિકલ્પ આપું છું./આપતો/આપતી નથી

૨.મારા પતિ/પત્ની/ભાઇ/બહેન/માતા/પિતા/પુત્ર/પુત્રી, નામે.......................................... તે ..........................................ની કચેરી/વિભાગમાં રાજ્ય સરકારના કર્મચારી/પેન્શનર છે. ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ તેઓને પણ લાગુ પડે છે તથા તેમણે/તેણીએ "તબીબી ભથ્થું" મેળવવાનો વિકલ્પ આપેલ છે./ નથી.

આપનો વિશ્વાસુ

( )

સ્થળ : નામ :

તારીખ : હોદો :

પરિશિષ્ટ-૧ (બ)

(નિયમ -૧૮.૩)

સંબંધિત કર્મચારીના કચેરી/ વિભાગે ભરવાની વિગત :

(૧) પરિશિષ્ટ-૧ (અ) માં દર્શાવ્યા મુજબના શ્રી/શ્રીમતી/કુ.......................................... આ કચેરી/વિભાગમાં તા............................ થી સેવા બજાવે છે/ બદલી/ પ્રતિનિયુક્તિ થી નવી નિમણુંક પામ્યા છે અને તેમને/ તેણીને/ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ લાગુ પડે છે. આથી તેમને/ તેણીને તબીબી ભથ્થું મેળવવા અંગેનો વિકલ્પ આપ્યો છે તે ચકાસતા બરોબર જણાય છે/ જણાતો નથી.

(૨) આથી તેમને/ તેણીને તબીબી ભથ્થું મેળવવાનો વિકલ્પ આપેલ છે તે ગ્રાહ્ય રાખવામાં આવે છે/ આવતો નથી. સન-................ થી ......... ના નાણાંકીય વર્ષ માટે ................ મહિનાથી તેમને/ તેણીને તબીબી ભથ્થું મંજુર કરવામાં આવે છે / આવતુ નથી.

(૩) સબંધિત કર્મચારીના વિકલ્પની નોંધ સર્વિસ કાર્ડ/ સર્વિસ રોલ/ સેવાપોથી/ હંગામી રજીસ્ટરમાં કરી છે.

( )

કચેરીના વડા

(ઉપાડ અને વહેંચણી અધિકારી)

નામ :

હોદ્દો :

નોંધ : ઉપરના વિગત જે કર્મચારીઓને લાગુ પડતી હશે તેવા, કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારીઓએ કર્મચારીના વિકલ્પની એક-એક નકલ પરસ્પર અદલા- બદલીથી મોકલી આપવાની રહેશે.

(૧) આ અંગેની નોંધ સેવાપોથીમા લેવાની રહેશે.

(૨) લાગુ પડતુ હોય તે રાખી અન્ય વિકલ્પો છેકી નાખવા.

## પરિશિષ્ટ-૧ (ક)

સરકારી કર્મચારી દ્વારા વર્ષની અધવચ્ચેથી વિકલ્પ બદલવા માટેનું ફોર્મ : (નિયમ-૧૮.૨)

(૧) સરકારી કર્મચારીનુ નામ :

(૨) હોદ્દો :

પ્રતિ,
(કચેરીના વડા)
શ્રીમાન,

ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ અન્વયે ચાલુ નાણાંકીય વર્ષ : .............................. માટે મેં તબીબી ભથ્થું મેળવવાનો વિકલ્પ આપેલ, પરંતુ મને/ મારા આશ્રિત શ્રી/શ્રીમતી/કુ...................... ............................................ પતિ/પત્ની/પુત્ર/પુત્રી/માતા/પિતા/ભાઇ/બહેન ને ગંભીર પ્રકારનો ............................... રોગ થયેલ હોઇ, હું વર્ષની અધવચ્ચેથી વિકલ્પ બદલુ છું. વિકલ્પ બદલવાના કારણે મને મળેલ ચાલુ નાણાકીય વર્ષનું સને ............................નું તબીબી ભથ્થુ રૂ............................હું મારા હવે પછીના ................................ માસના પગારમાંથી કપાવવા સહમત છું તથા પ્રસ્તુત વિકલ્પ બદલવાના કારણે ચાલુ નાણાકીય વર્ષમાં તબીબી ભથ્થુ મળવાપાત્ર થશે નહી તથા તે પછીના તરતના બે નાણાકીય વર્ષ સુધી વિકલ્પ બદલી શકીશ નહિ. તેની મને જાણ છે. (નિયમ-૧૮.૨ તથા તેની સ્પષ્ટતા મુજબ) તો મારા તબીબી રીઅમ્બર્સમેન્ટનો પ્રસ્તુત વિકલ્પ સ્વીકારવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

( )

નામ :
હોદ્દો :

શ્રી/શ્રીમતી/કુ........................................................ હોદ્દો .................................................... ના વિકલ્પ બદલવા અંગેની નોંધ સેવાપોથીમાં કરવામાં આવેલ છે તથા નિયમોનુસારનુ તબીબી ભથ્થું વસુલ કરવામાં આવેલ છે.

( )
કચેરીના વડા

(ઉપાડ અને વહેંચણી અધિકારી)

નામ:
હોદ્દો:

પરિશિષ્ટ-૨

(નિયમ ૧૫ (૧) હેઠળ)

(દરેક દર્દી દીઠ અલગ-અલગ ભરવું)

૧. સરકારી કર્મચારીનુ પુરેપુરૂ નામ :

હોદ્દો :

પગાર :

૨. કચેરીનુ નામ તથા વિભાગનુ નામ :

૩. તત્કાલિન ફરજ ઉપર હોય તે સ્થળનુ નામ :

૪. નિવાસ સ્થાનનુ નામ:

૫. માંદગી સમયના સ્થળનુ નામ :

૬. દર્દીનુ નામ ઉંમર અને કર્મચારી સાથેનો સબંધ :

૭. જ્યાં સારવાર લીધી હોય તે દવાખાનું/

હોસ્પિટલનું નામ અને વિગત :

(અ) સરકારી

(બ) સરકાર માન્ય / સરકારી સમકક્ષ

(ક) અન્ય :

૮. બહારના/ અંદરના દર્દી તરીકે સારવાર લીધી હોય તેની વિગત :

૯. તબીબી સારવાર પૂરી પાડનાર તબીબી કે તબીબી અધિકારીએ
આપવાના પ્રમાણપત્રનો નમૂનો :

આથી હું પ્રમાણિત કરૂ છુ કે શ્રી/શ્રીમતી/કુમારી/*..............................................તે ...................................................... માં નોકરી કરતાં શ્રી.....................................................ના પુત્ર/પુત્રી/પતિ/પત્ની*......................................................હોસ્પિટલ/દવાખાનું/ મારા કન્સલ્ટીંગ રૂમ* ખાતે ..........................થી..........................સુધી........................................રોગ માટે મારી સારવાર હેઠળ છે અને મેં લખી આપેલી દવા હાલત સુધારવા/વધુ ગંભીર થતી અટકાવવા માટે જરૂરી હતી.સામાન્ય રીતે સ્ટોકમાં રાખવામાં આવતી નથી/સામાન્ય રીતે સ્ટોકમાં રાખવામાં આવે છે. એવી દવાઓ હોસ્પિટલમાં સ્ટોકમાં નથી અને તેમાં જેના માટે એટલા જ ઔષધીય મહત્વ ધરાવતા સસ્તો પદાર્થ પ્રાપ્ય હોય એવી સ્વામીત્વવાળી બનાવટો તેમજ પ્રાથમિક રીતે ખોરાક,ટોનિક પ્રસાધન કે જંતુનાશક હોય એવી બનાવટોનો સમાવેશ થતો નથી. રોગ ..................................અનિયમિત કે અસંયમી ટેવોથી પ્રત્યક્ષ રીતે થયેલ વધેલ/ કે ઉગ્ર બનેલ છે/ નથી.

૧૦. વિગત. ચુકવેલ રકમ રૂ. મળવાપાત્ર રકમ રૂ.

(ક) દવાનુ નામ

(ખ) તબીબી સારવાર દરમ્યાન હોસ્પિટલમાં થયેલ અન્ય ખર્ચની વિગત.

દા.ત.૧. ઓપરેશન

૨. લેબોરેટરી ખર્ચ

૩. રૂમ ચાર્જીસ............વિગેરે

આઇટમ મુજબ અલગ દર્શાવવી.

(ગ) કુલ રકમ માટે દાવો.

(ઘ) અમાન્ય દવાઓ તથા નહી મળવાપાત્ર કુલ ખર્ચ :

(ચ) ચોખ્ખી મળવા પાત્ર કુલ રકમ :

અંકે : રૂ શબ્દોમાં : રૂપિયા

સહી :-
નામ :-
અધિકૃત ચિકિત્સકની સહી અને સિક્કો.

સહી :-
નામ :-
હોસ્પિટલ.ખાતે કેસનો હવાલો ધરાવતા તબીબી અધિકારીની સહી અને નામ

## સરકારી કર્મચારી, પેન્શનર કે તેના વાલી વારસનુ કબૂલાતનામું

(૧) આથી હું જાહેર કરૂ છુ કે, મારી જાણ ધારણા મુજબ આ અરજી પત્રમાં દર્શાવેલ વિગતો સત્ય છે. અને જેનામાં તબીબી સારવારનો ખર્ચ થયો છે તે વ્યક્તિ સંપુર્ણપણે મારા આશ્રિત છે.

(૨) મેં તબીબી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ આપેલ છે/નથી *.

(૩) મેં/મારા* આશ્રિતને અનુસુચિમાં દર્શાવેલ સમય દરમ્યાન તબીબી/આર્યુવેદીક દવાખાના/ હોસ્પિટલમાં પ્રસ્તુત રોગ માટે સારવાર લીધેલ છે./ નથી.

સ્થળ :
તારીખ :

સહી :
નામ :

*લાગુ પડતું હોય તે રાખી અન્ય ચેકી નાખવું

વિભાગ/કચેરીનુ નામ

S/parishisht

## પરિશિષ્ટ -૨ (અ)

### સરકારી કર્મચારીને તબીબી અધિકારી દ્વારા પ્રિસ્ક્રાઇબ કરવામાં આવતી દવાનું નિયત નમૂનાનું ફોર્મ

(૧) સરકારી કર્મચારીનું નામ:.................................................................

(૨) હોદ્દો:-.........................................................

દવાનું નામ : જથ્થો

(૧)

(૨)

(3)

(૪)

(૫)

નોંધ :

(૧) આ દવાઓ સરકારી હોસ્પિટલમાં પ્રાપ્ય નથી.

(૨) આ જેનેરિક દવા છે/નથી. જો ન હોય તો કારણો.

સહી :

નામ :

અધિકૃત ચિકિત્સકની સહી અને સિક્કો.

સહી :

નામ :

હોસ્પિટલ ખાતે કેસનો હવાલો ધરાવતા તબીબી અધિકારીની સહી અને નામ

ઉપાડ અને વહેંચણી અધિકારી દ્વારા નિભાવવાનું રજીસ્ટર

પરિશિષ્ટ -૩ (નિયમ-૨૪.૪)

૧. સરકારી કર્મચારીનુ નામઃ ,............................................

હોદ્દો :-

૨. તબીબી ભથ્થું મેળવવાનો વિકલ્પ સ્વીકારેલ છે ? હા/ના

| ક્રમ | દર્દીનુ નામ, ઉંમર અને કર્મચારી સાથેનો સંબંધ | રોગનુ નામ, સારવારનો સમયગાળો અને જેમની સારવાર હેઠળ હોય તે તબીબી કે તબીબી અધિકારીનુ નામ . તેમજ હોસ્પિટલ/ દવાખાના નુ નામ/સરનામુ | સરકારી કર્મચારીએ મજરે મેળવેલ રકમ(રૂ.) | જે બીલ મારફત રકમ સરકારની તિજોરીમાંથી ઉપાડી હોય તેનો બીલ નંબર અને વિગત. | એક નાણાકીય વર્ષમાં કુલ મજરે મેળવેલ રકમ. (રૂ.) (નાણાકીય વર્ષની શરૂઆતથી કોલમ નં. ૪ નો સરવાળો) | વિશેષ નોંધ ૧) નાણાકીય ગેરરીતી થઈ હોવાનુ જણાયેલ છે/ નથી. ૨) મેડીકલ બોર્ડ સમક્ષ મોકલવા જરૂરી છે/નથી. ૩) પુનઃ ફીટનેશનુ સર્ટી. મેળવવુ જરૂરીછે/નથી. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

નોંધઃ (૧) દરેક કર્મચારી દીઠ અલગ-અલગ પાનું ફાળવવું

(૨) પેન્શનરો માટે ટ્રેઝરીએ પ્રસ્તુત રજીસ્ટર નિભાવવાનું રહેશે.

પરિશિષ્ટ :૩-અ

(નિયમ-૨૪.૫)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુ.................................................... આ કચેરી/ વિભાગમાં.................................................. તરીકે ફરજ બજાવે છે. તેઓને નાણાંકીય વર્ષ: ૨૦.....-૨૦.......... માં ખર્ચ ભરપાઇ કરવા (મેડીકલ રીઅમ્બર્સમેન્ટ) નો વિકલ્પ સ્વીકારેલ છે. તથા બીલ નંબર.......................... તારીખ................................ રકમ રૂ.......................................... ની નોંધ પરિશિષ્ટ-૩ માં દર્શાવેલ નમુના મુજબના રજીસ્ટરના ક્રમાંક:.....................પાના નંબર.......................... પર નોંધેલ છે. આ બીલ સહિત ચાલુ નાણાંકીય વર્ષનો કર્મચારીના રીએમ્બર્સમેન્ટનો કુલ ખર્ચ રૂ...................../- થવા પામેલ છે.(કોલમ નં ૬ મુજબ)

( )

કચેરીના વડા

(ઉપાડ અને વહેંચણી અધિકારી)

નામ :

હોદ્દો :

નોંધ: પરિશિષ્ટ -૨ સાથે જોડવાનું પ્રમાણપત્ર

પરિશિષ્ટ - ૪

(નિયમ -૮)

| ક્રમનં. | ખાનગી હોસ્પિટલનુ નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | નારાયણા હૃદયાલયા પ્રા.લી. | અમદાવાદ |
| ૨ | એચ.સી.જી.મેડીસર્જ કેન્સર હોસ્પિટ્લ (સોલા) | અમદાવાદ |
| ૩ | કીડની લાઇન હેલ્થકેર પ્રા.લી. (બોડી લાઇન હોસ્પિટલ) | અમદાવાદ |
| ૪ | રાજસ્થાન હોસ્પિટલ | અમદાવાદ |
| ૫ | પુષ્પા ચિલ્ડ્રન હોસ્પિટલ એન્ડ ક્રીટીકલ કેર સેન્ટર | અમદાવાદ |
| ૬ | એચ.સી.જી. મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ (મીઠાખળી) | અમદાવાદ |
| ૭ | મેડીલીન્ક હોસ્પિટલ | અમદાવાદ |
| ૮ | સંજીવની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ | અમદાવાદ |
| ૯ | જી.સી.એસ.મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર | અમદાવાદ |
| ૧૦ | આરના સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૧ | જયદિપ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૨ | એઈમ્સ હોસ્પિટલ | કચ્છ |
| ૧૩ | શ્રી ક્રિષ્ણા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર | કરમસદ |
| ૧૪ | શ્રી એમ.એમ.પરીખ કર્ડીયાક કેર સેન્ટર- ખંભાત | ખંભાત |
| ૧૫ | ડી.ડી.એમ.એમ.હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | ખેડા |
| ૧૬ | ગોએન્કા હોસ્પિટલ | ગાંધીનગર |
| ૧૭ | "બા" શ્રીમતી લીલાબેન ચિમનલાલ પરીખ કેન્સર સેન્ટર | નવસારી |
| ૧૮ | ઓરેન્જ હોસ્પિટલ | નવસારી |
| ૧૯ | યેશા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ | નવસારી |
| ૨૦ | પાટણ જનતા હોસ્પિટલ | પાટણ |
| ૨૧ | હનુમંત હોસ્પિટલ | ભાવનગર |
| ૨૨ | એચ .સી.જી. હોસ્પિટલ | ભાવનગર |
| ૨૩ | સર્ટલીંગ એડલાઇફ ઇન્ડીયા લી. -રાજકોટ | રાજકોટ |
| ૨૪ | બી.ટી. સવાણી કીડની હોસ્પિટલ | રાજકોટ |
| ૨૫ | શ્રી સત્યસાઇ હાર્ટ હોસ્પિટલ | રાજકોટ |
| ૨૬ | ક્રિષ્ણા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ- મોરબી | રાજકોટ |
| ૨૭ | રાજકોટ કેન્સર સોસાયટી એન્ડ અલાઇડ હોસ્પિટલ | રાજકોટ |
| ૨૮ | યુનિકેર હોસ્પિટલ | રાજકોટ |
| ૨૯ | એચ.જે દોશી હોસ્પિટલ | રાજકોટ |

| | | |
|---|---|---|
| ૩૦ | શ્રીજી હોસ્પિટલ એન્ડ ટ્રોમાકેર સેન્ટર | વડોદરા |
| ૩૧ | સર્ટલીંગ એડલાઇફ ઇન્ડીયા લી. વડોદરા | વડોદરા |
| ૩૨ | ધીરજ હોસ્પિટલ- સુમનદીપ વિદ્યાપીઠ | વડોદરા |
| ૩૩ | બેન્કર હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | વડોદરા |
| ૩૪ | બરોડા હાર્ટ ઇન્સ્ટીટ્યુટ એન્ડ રીસર્ચ સેન્ટર (શ્રી રામકૃપા મેડીકેર પ્રા.લી.) | વડોદરા |
| ૩૫ | મુની સેવા આશ્રમ (કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર) | વડોદરા |
| ૩૬ | પ્રેમદાસ જલારામ હોસ્પિટલ | વડોદરા |
| ૩૭ | હિમાલયા કેન્સર હોસ્પિટલ | વડોદરા |
| ૩૮ | વાયરોક સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ | વડોદરા |
| ૩૯ | પારુલ સેવાશ્રમ હોસ્પિટલ | વડોદરા |
| ૪૦ | રીધમ હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | વડોદરા |
| ૪૧ | મેટ્રો હોસ્પિટલ | વડોદરા |
| ૪૨ | સ્ક્વિજક હોસ્પિટલ | વડોદરા |
| ૪૩ | નાયક સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ | વડોદરા |
| ૪૪ | નાડકરણી હોસ્પિટલ | વલસાડ |
| ૪૫ | મેડીસ્ટાર હોસ્પિટલ પ્રા.લી. | સાબરકાંઠા |
| ૪૬ | ભારત કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ | સુરત |
| ૪૭ | શ્રી બી.ડી.મહેતા મહાવીર હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | સુરત |
| ૪૮ | પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | સુરત |
| ૪૯ | પી.પી.સવાણી | સુરત |
| ૫૦ | સીતા હોસ્પિટલ | સુરત |
| ૫૧ | લાયન્સ કેન્સર હોસ્પિટલ | સુરત |
| ૫૨ | લાઈફલાઈન હોસ્પિટલ | સુરત |

નોંધ: ઉક્ત યાદીને "મા અમૃતમ" યોજનામાં વખતોવખત થતા સુધારા લાગુ પડશે.

પરિશિષ્ટ : ૫

(નિયમ -૨.૧૦)

ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ અંતર્ગત સાધનોની યાદી

**(A) LIST OF ARTIFICIAL APPLIANCES:**

| | |
|---|---|
| 1 | UNILATERAL LONG LEG BRACE WITHOUT HIP JOINT |
| 2 | HIP JOINT WITH PELVIC BAND |
| 3 | SPINAL BRACE |
| 4 | UNILATERAL SHORT LEG BRACE |
| 5 | SHOE OR BOOT PROTECTIVE OR AID TO PERALY SED OR WEAK LEGS. |
| 6 | BILATERAL HIP JOINT WITH PELVIC BEND OR WEAK LEG. |
| 7 | BILATERAL LONG LET BRACE WITHOUT HIP JOINT |
| 8 | BILATERAL SHORT LET BRACE |
| 9 | LUMBE SACRAL OR SPINAL SUPPORT OR BACK SUPPORT |
| 10 | TAYLOR'S BRACE |
| 11 | MIL WAUKEE BRACE |
| 12 | MERMAID SPLINT |
| 13 | POSTERIOR SLAB |
| 14 | CERVICAL COLLAR WITH HEAD EXTENSION |
| 15 | RIGID CERVICAL COLLAR WITH HEAD EXTENSION |
| 16 | CERVICAL COLLAR |
| 17 | DYNAMIC SPLINT (ALLUMINIUM) |
| 18 | COCK UP SPLINT PLAIN (ALLUMINIUM) |
| 19 | COCK UP SPLINT (PLASTIC) OR LONG OPPONENS |
| 20 | TURN BUCKLE SPLINT |
| 21 | NUCKLE BENDER SPLINT |
| 22 | ANTERIOR KNEE GUARD SPLINT |
| 23 | DENSIS BROWN SPLINT |
| 24 | CONGENTIAL TALIPUS EQUINO VARUS/ VALGUS SPLINT. |
| 25 | SHORT OPPONENS P.V.C. (PLASTIC) |
| 26 | KNEE CAGE |
| 27 | LONG OPPONENS WITH M.P.FL.BAR AND FINGER |
| 28 | EXTENSION (PLASTIC) DYNAMIC |
| 29 | BOOT WITH C AND E HEEL AND ARCH SUPPORT |
| 30 | C AND E HEEL |
| 31 | ARCH SUPPORT |
| 32 | M.T.PAD |
| 33 | M.T.E.RAISING 1" |
| 34 | T.STRAP |
| 35 | SPONGE HEEL |
| 36 | SEDGE 1/8" |
| 37 | UNIVERSAL RAISING 1" |
| 38 | FOOT DROP SPLINT |
| 39 | BELOW KNEE PROSTHETICS (P.T.B.TYPE PROSTHETICS) |
| 40 | A.K. PROSTHETICS |
| 41 | ALUMINIUM ADJUSTABLKE ABOVE KNEE RIGHT SLING |
| 42 | PLASTIC SHOULDER ABDUCTIN SPLINT |
| 43 | MODIFIED SHOES |
| 44 | BELOW ELBOW PROSTEHTICS |
| 45 | HOOKS |
| 46 | COSMESTICS HAND |
| 47 | SPLINT FOR C.D.H. |

| | |
|---|---|
| 48 | SPLINT FOR ELBOW |
| 49 | ABOVE ELBOW AND BELOW ELBOW PROSTHETICS |
| 50 | ABOVE ELBOW AND BELOW ELBOW ORTHOTICS |
| 51 | CORSET |
| 52 | WHEEL CHAIR |
| 53 | PROTECTIVE SHOES WITH MECROCELLULAR RUBBER WITHOUT NAILS OF TEN WITH ADDITIONAL GADGEST LIKE ADJUSTABLE SPRINGS AND ROCKETS |
| 54 | CRUTCHES |
| 55 | WALKING IRON WITH PLASTIC CASTS |
| 56 | CALIPERS |
| 57 | BRACES |
| 58 | ARTIFICIAL LIMBS |
| 59 | ILLESTOMY KIT (G.1. M.H.O. M.NOS.S.14025/31/79-MS, DATED THE 11 TH 1981 ADDRESSED TO THE CHIF CONTROLLER OF IMPORT AND EXPORT NEW DELHI) |
| 60 | DEVICE AMPLATZER |

(B) LIST OF IMPLANTS:

| | |
|---|---|
| 1 | DIFFERENT PLATES |
| 2 | SCREWS |
| 3 | NAILS |
| 4 | FIXATORS |
| 5 | WIRES |
| 6 | ARTHROSCOPY SUTURES |
| 7 | ENDO-BUTTONS |
| 8 | ANCHORES |
| 9 | CUTTING BLADES |
| 10 | SHAVERS BLADES |
| 11 | BONE CEMENT |
| 12 | BONE GRAFT SUBSTITUTES |
| 13 | SPINAL CAGES |
| 14 | INTRA-ARTICULAR INJECTIONS AND JOINT REPLACEMENT PROSTHESIS USED IN VARIOUS ORTHOPAEDIC AND SPINAL SURGERY KEPT INTERNALLY OR EXTERNALLY AS PER PATIENTS NEED. |

પરિશિષ્ટ : ૬

(નિયમ-૧૧)

## ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ અન્વયે મેળવવાની પેશગી અંગેનુ ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| ૧ | કર્મચારીનુ નામ : | |
| ૨ | દર્દીનુ નામ અને કર્મચારી સાથેનો સંબંધ તથા તેની ઉંમર | |
| ૩ | જે સંસ્થા/ખાતે સારવાર લેવાની છે તેની વિગત : હોસ્પિટલ/ દવાખાનાનુ નામ - સરનામુ : | |
| ૪ | દર્દીની તબીબી સારવાર માટે ચિકિત્સકે આપેલ સંભવિત ખર્ચનો અંદાજપત્ર સામેલ છે : | |
| ૫ | ગુ.રા.સે.(તસા) નિયમો-૨૦૧૫ ના નિયમ (૨) પૈકી કયો પેટા ખંડ લાગુ પડે છે : | |
| ૬ | નિયમ-૨ નું સ્પષ્ટીકરણ મુજબ દર્દીની માસિક આવક અંગે સક્ષમ અધિકારી (પગાર સ્લીપ મુજબ)નું પ્રમાણપત્ર સામેલ છે ? : | |
| ૭ | નિયમ-૨(૨) મુજબ દર્દી સરકારી કર્મચારી સાથે રહે છે? તે અંગેનો આધાર સામેલ છે ? : | |
| ૮ | સરકારી કર્મચારીની નિમણુકની વિગત કાયમી/હંગામી એડહોક/ કરાર બધ્ધ (કોન્ટ્રાક્ટ બેઝ) (એડહોક, કરાર બધ્ધ, વર્કચાર્જ તથા પેન્શનર કે તેના આશ્રીતને પેશગી મળવાપાત્ર રહેશે નહિ). | |
| ૯ | નિમણુંકની તારીખ તેમજ વયનિવૃતિની તારીખ : | |
| ૧૦ | પેશગી મેળવવા અંગે સરકારી કર્મચારીએ કરેલ અરજી આ સાથે સામેલ છે ? : | |
| ૧૧ | પેશગીની ચૂકવણી કર્યા બાદ નિયત સમય મર્યાદામાં પેશગીની રકમની વસુલાત થઈ શકે તેમ છે કે કેમ ? : | |
| ૧૨ | પેશગી મંજુર કરવા અંગે ખાતાના વડાની ભલામણ : | |

સ્થળ :

તારીખ :

કર્મચારીની સહી અને હોદો,

( )

કચેરીના વડા

(ઉપાડ અને વહેંચણી અધિકારી)

નામ :

હોદો :

13/parishisht

ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર
નિયમો- ૨૦૧૫ હેઠળ રચાયેલ સમિતિ

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૪/૮/૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/(પા.ફા.)
તા- ૨૪/૮/૨૦૧૫

ઠરાવ:

ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો- ૧૯૮૮માં સુધારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જેમાં પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા-૨૪/૮/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો- ૨૦૧૫ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.જે પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવેલ છે. આ નવા નિયમો અંતર્ગત નિયમ-૨૩ની જોગવાઈ હેઠળ આરોગ્ય વિભાગના વહીવટી વડાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવાનું રહે છે. આ સમિતિનું ગઠન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જેમાં પુખ્ત વિચારણાને અંતે આથી નીચે જણાવેલ વિગતો મુજબની સમિતિનું ગઠન કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) અધિક મુખ્ય સચિવશ્રી /અગ્રસચિવશ્રી/સચિવશ્રી (ત.સે.ત.શિ.) | અધ્યક્ષ |
| (૨) કમિશ્નરશ્રી, આરોગ્ય ,તબીબી સેવા અને તબીબી શિક્ષણ | સભ્ય |
| (૩) સામાન્ય વહીવટ વિભાગના અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી/તેઓના પ્રતિનિધિ | સભ્ય |
| (૪) નાણાવિભાગના અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી/તેઓના પ્રતિનિધિ | સભ્ય |
| (૫) અધિક નિયામકશ્રી(ત.સે.) | સભ્ય સચિવ |

આ સમિતિનું કાર્યક્ષેત્ર નીચે જણાવેલ બાબતોમાં રહેશે: -

(૧) નિયમ ૨.૧૦ મુજબ પરિશિષ્ટ-૫માં દર્શાવેલ ઈમ્પ્લાન્ટસની કિંમત આરોગ્ય વિભાગના વહિવટી વડાની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ નક્કી કરેલ દરો મુજબ રીએમ્બર્સ કરવામાં આવશે.તથા નિયમ- ૨૧ મુજબ જો ઈમ્પ્લાન્ટસ અંગેની સારવારનો પેકેજમાં સમાવેશ થયેલ ન હોય તો આરોગ્ય વિભાગના વહિવટી વડાની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ દ્વારા નક્કી કરેલ દરો મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

(૨) નિયમ -૨૩ મુજબ રૂ. ૨.૦૦ લાખથી ઉપરના ખર્ચના તમામ કેસો આ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૩) નિયમ -૨૪ મુજબ આ નિયમોના ભંગ બદલ શિસ્ત ભંગની કાર્યવાહી આ સમિતિ મારફત કરવાની રહેશે.

આ સમિતિએ કરેલ ભલામણો સરકારશ્રીની મંજૂરી માટે રજૂ કરવાની રહેશે તથા સરકારશ્રીની મંજૂરી મુજબના આદેશો./ હુકમો વિભાગે કરવાના રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા-૨/૯/૧૪ તથા તા-૫/૮/૧૫ની નોંધ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એલ.પટેલ)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના :-

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ ,સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧તથા ૨, સચિવાલય , ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૧૦ નકલ
- રીજીયોનલ ડેપ્યુટી ડાયરેક્ટર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ.
- સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- સર્વે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ.
- સર્વે જીલ્લાના બધા અધિક્ષકશ્રીઓ તથા સિવિલ સર્જનો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.

- સર્વે જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર,ગાંધીનગર, ભાવનગર
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- તબીબી કોલેજોના ડીનશ્રીઓ,અમદાવાદ,વડોદરા,સુરત,જામનગર,રાજકોટ,ભાવનગર,તથા ડેન્ટલ કોલેજ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ (પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્રથી)
- રજીસ્ટ્રાર,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ(પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર(પત્રથી)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ.
- રેસિડેન્ટ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી.
- લાયેઝન ઓફિસરશ્રી, લાયેઝન ઓફિસ, ગુજરાત સરકાર, ધનરાજ મહલ, એપોલો બંદર,મુબંઇ ૪૦૦૦૩૯
- સિલેક્ટ ફાઇલ.
- મદદનીશ સિલેક્ટ ફાઇલ.